સદ્‌વિચાર પરિવાર
હીરક મહોત્સવ પ્રકાશન શ્રેણી–૧૦



# ફૂલે મહોરી વસંત

કુમારપાળ દેસાઈ

પ્રકાશક : સદ્‌વિચાર પરિવાર
સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે,
ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ–૩૮૦ ૦૧૫

## આમુખ

સદવિચાર પરિવારની સ્થાપનાને ૬૦ વર્ષ પૂર્ણ થતાં ગયા વર્ષથી હીરક મહોત્સવ નિમિત્તે કુલ ૬૦ પુસ્તકોની પ્રકાશનની શ્રેણી શરૂ કરવામાં આવી છે.

ગુજરાતના જાણીતા સાહિત્યકાર, વરિષ્ઠ પત્રકાર, જૈન ધર્મના જ્ઞાતા અને લોકપ્રિય વક્તા ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા આ શ્રેણીમાં **"ફુલે મહોરી વસંત"** પુસ્તકના પ્રકાશન માટે આપવામાં આવેલા સહયોગ બદલ સદવિચાર પરિવારના ટ્રસ્ટી મંડળ વતી હું તેમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

ડૉ. કુમારપાળ દેસાઈએ તેમના પિતાશ્રી જયભિખ્ખુ દ્વારા ૬૬ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલી ગુજરાત સમાચારની લોકપ્રિય કોલમ "ઈંટ અને ઈમારત"ને સતત ચાલુ રાખીને એક વિક્રમસર્જક કાર્ય કર્યું છે. આ પુસ્તકમાં સમાવિષ્ટ તેમના સંક્ષિપ્ત લેખો હકીકતમાં "ગાગરમાં સાગર" ભરી આપવાની કહેવતને સાર્થક કરે છે.

જે રીતે કોઈ કુશળ શિલ્પી બારીક નકશીકામ દ્વારા પોતાની કલાનો પરિચય કરાવે છે, તે જ રીતે ડૉ. કુમારપાળ દેસાઈએ અત્યંત ઓછા શબ્દોમાં વિષયવસ્તુનું સચોટ અને અસરકારક નિરૂપણ કરીને અનેક વિષયો પર મનનીય લેખો આપણને આપ્યા છે.

મને શ્રદ્ધા છે કે આ પુસ્તક સુવિચારના વાચકો, દાતાશ્રીઓ તથા સદવિચાર પરિવારના તમામ શુભેચ્છકોને પસંદ પડશે અને તેમના માટે પ્રેરણારૂપ સાબિત થશે.

**પ્રવીણ ક. લહેરી**
પૂર્વ મુખ્ય સચિવ, ગુજરાત રાજ્ય
મેનેજિંગ ટ્રસ્ટી, સદવિચાર પરિવાર

# ફૂલે મહોરી વસંત

## સદ્‌વિચાર પરિવાર, હીરક મહોત્સવ પ્રકાશન શ્રેણી-૧૦


**લેખક**

**કુમારપાળ દેસાઈ**



-: પ્રકાશક :-

**સદ્‌વિચાર પરિવાર**

સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે,

ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫

Website: www.sadvicharparivar.org • E-mail: sdparivar.org@gmail.com

- **ફૂલે મહોરી વસંત**
- સદ્‌વિચાર પરિવારના હીરક મહોત્સવ નિમિત્તે પ્રકાશિત
- લેખક : કુમારપાળ દેસાઈ

- પ્રકાશક :

  **સદ્‌વિચાર પરિવાર**

  સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે

  ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫, ગુજરાત

  E-mail: sdparivar.org@gmail.com

  Website: www.sadvicharparivar.org

- પ્રત : ૧૦૦૦
- મૂલ્ય : રૂ. ૩૫/-
- આવૃત્તિ : પ્રથમ
- મુદ્રક : **પ્રિન્ટ વિઝન પ્રાઈવેટ લિમિટેડ**

  આંબાવાડી બજાર, અમદાવાદ-૩૮૦૦૦૬

- **વિતરણ વ્યવસ્થા : સદ્‌વિચાર પરિવાર**


આપનાં સ્નેહી-સ્વજનોને આ ઉપયોગી પુસ્તક આપવું હોય તો શ્રી મિતેષ શાહના મોબાઈલ નંબર : ૯૪૨૭૬૩૧૩૧૩ પર તેમના નામ-સરનામા અને સંપર્ક નંબરની જાણ કરશો.

આ પુસ્તક બાબતે આપનો અભિપ્રાય અથવા સૂચન હોય તો આપ અમને આ ઈ-મેઈલ: sdparivar.org@gmail.com અથવા ૬૩૫૩૧૫૨૨૭૯ ઉપર વિગત મોકલી આપશો.

# આરંભે

વિજ્ઞાન અને ટૅક્નૉલૉજી પર સવાર થઈને દોડતી મનુષ્યજાતિના જીવનમાં આજે ઊર્ધ્વ ભાવનાઓ અને ઉદાત્ત મૂલ્યો દ્રાવણપાત્રમાં આવીને ઠર્યાં છે. માનવી એના અંતરઆત્માની અભિવ્યક્તિને માટે મરણિયો પ્રયાસ કરી રહ્યો છે અને વધી રહેલા આયુષ્યકાળ અને સુખ, સમૃદ્ધિ અને સગવડની ઊંચે ઊછળતી છોળોની વચ્ચે એની ભાવનાઓ, લાગણી અને માનવીય ગુણો ક્યાંક ગૂંગળામણ અનુભવે છે. આવે સમયે માનવતાની સુવાસથી મહેકતા અને સદ્‌વિચારથી શોભતા પ્રસંગોનાં પ્રસંગોનાં ફૂલોની માળા અહીં ગૂંથવામાં આવીછે.

જી.ડી.પી.ના આંકની સાથોસાથ આજે હવે માનવજીવનમાં ‘હેપ્પીનેસ ઇન્ડેક્સ’ વિશે માનવી વિચારવા લાગ્યો છે. ભૌતિક સુવિધાઓની વચ્ચે એના ભીતરનું સુખ ક્યાંય ખોવાઈ ગયું છે અને એવા સમયે માનવઆત્માની ભીતરમાં વસતા સુખનું સ્મરણ કરાવતા પ્રસંગો અહીં ‘ફૂલે મહોરી વસંત’માં આલેખવામાં આવ્યા છે. આપણે જાણીએ છીએ કે ક્યારેક કોઈ ઘટના, પ્રસંગ કે વિચાર ચિત્તને એવા સ્પર્શી જાય છે કે જેને પરિણામે આપણું જીવનદર્શન પરિવર્તન પામે છે. એમાંથી સાંપડેલો બોધ જીવન જીવવાની ચાવી આપે છે. અહીં એવા પ્રસંગો આલેખાયા છે કે જે માનવીનાં મનમાં સદ્‌વિચાર જગાડે અને એને પરિણામે એના જીવનમાં સદ્‌વર્તનનો પ્રભાવ પ્રગટે. સદ્‌વિચાર એ જ સદાચારનો પાયો છે અને આ પ્રસંગો એ પાયારૂપ સદ્‌વિચારને પ્રગટ કરે છે.

‘સદ્‌વિચાર પરિવાર’ના સ્થાપક અને માનવસેવકના ભેખધારી હરિભાઈ પંચાલ સાથે ગાઢ સંબંધ હતો અને તેમણે મારા પિતાશ્રી જયભિખ્ખુના જીવનપ્રસંગોની પુસ્તિકા પણ પ્રગટ કરી હતી. આજે એ જ રીતે સદ્‌વિચાર પરિવાર, ટ્રસ્ટીમંડળ અને એના મારા સહુ શુભેચ્છકોનાં સદ્‌ભાવથી આ પુસ્તક પ્રકાશિત થાય છે. આશા રાખું છું કે આ સદ્‌વિચારનાં પુષ્પો વાચકના જીવનમાં સદાચારની અને માનવતાની સુવાસ ફેલાવશે.

૧૦-૩-૨૦૨૬ **કુમારપાળ દેસાઈ**

અમદાવાદ

# સદ્‌વિચાર પરિવારઃ માનવ સેવાનું સરનામું

શ્રી હરિભાઈ પંચાલ, શ્રી ચંદુભાઈ પ્રજાપતિ અને શ્રી જીતુભાઈ પટેલની સેવાભાવી ત્રિપુટીએ સ્થાપેલ 'સદ્‌વિચાર પરિવાર' વર્ષ ૨૦૨૫માં તેની સેવા યાત્રાનાં ૬૦ વર્ષ પૂરાં કર્યાં. શ્રી હરિભાઈ પંચાલ દ્વારા સમાજમાં સદ્‌વિચાર પ્રસરે તે માટે 'સુવિચાર' (માસિક)ના પ્રકાશન સાથે અનેક સમાજોપયોગી પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવ્યું હતું. ત્રણસો કરતાં વધારે પુસ્તકો પ્રકાશિત કરી ગુજરાતના લોકોના સંસ્કાર-ઘડતરમાં અને ગુજરાતની અસ્મિતા ઉજાગર કરવામાં શ્રી હરિભાઈ પંચાલ સાથે અનેક સિદ્ધહસ્ત લેખકોએ જે અનન્ય પ્રદાન કર્યું છે તેને હીરક મહોત્સવ પ્રસંગે અંજલિ આપવા માટે આમાંનાં પસંદ કરેલાં પુસ્તકોને પુનઃ પ્રકાશિત કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. 'સુવિચાર'ના તમામ ગ્રાહકોને બે પુસ્તકો આ પ્રસંગે નિઃશુલ્ક મોકલવામાં આવશે. આશા રાખીએ છીએ કે અમારા સૌ આજીવન સભ્યો, 'સુવિચાર'ના વાચકો-દાતાઓ અને શુભેચ્છકોને અમારો આ પ્રયાસ પસંદ આવશે.


**સદ્‌વિચાર પરિવાર ટ્રસ્ટી મંડળ**

| | |
|---|---|
| ● ડો. પંકજ એમ. શાહ 'પદ્મશ્રી' | પ્રમુખ |
| ● પીયૂષ ઓ. દેસાઈ | ઉપપ્રમુખ |
| ● પ્રવીણ ક. લહેરી | મેનેજિંગ ટ્રસ્ટી |
| ● શૈલેશ આઈ. પટવારી | સહમંત્રી |
| ● જિતેન્દ્ર બી. પંચાલ | કોષાધ્યક્ષ |
| ● કે. આર. સિંઘ | ટ્રસ્ટી |
| ● નીના મધુસૂદન શાહ | ટ્રસ્ટી |
| ● પ્રતીક્ષાબહેન લહેરી | ટ્રસ્ટી |
| ● અપૂર્વભાઈ ઠાકરશી | ટ્રસ્ટી |
| ● હિરેનભાઈ સવાઈ | ટ્રસ્ટી |
| ● અનુજ અમિત અંબાલાલ | ટ્રસ્ટી |
| ● ધ્રુવ પ્રકાશભાઈ શાહ | ટ્રસ્ટી |
| ● પથિક શૈલેશભાઈ પટવારી | ટ્રસ્ટી |

ગુજરાતના અનોખા આજીવન સેવાના ભેખધારી શ્રી હરિભાઈ પંચાલ દ્વારા ૧૯૬૫માં સ્થપાયેલ 'સદ્‌વિચાર પરિવાર'નો લગભગ છેલ્લાં ૬૦ વર્ષનો ભાતીગળ ઇતિહાસ છે. અનેક મૌલિક વિચારો નવી પહેલ અને પરિવર્તનશીલ સમાજની નાનામાં નાની જરૂરિયાત પૂરી કરવા માટે સદ્‌વિચાર પરિવારે હંમેશાં સંવેદના સાથે કાળજી રાખવા પ્રયત્ન કર્યો છે.

મૂળભૂત રીતે 'જે સારું વિચારશે તે સારું કરશે' તે સૂત્રમાં શ્રદ્ધા સાથે સમાજમાં સૌના દિલમાં સેવાનો દીવડો પ્રગટે તે માટે હરિભાઈએ ૩૦૦થી વધારે પુસ્તકો છપાવીને વિતરણ કર્યું. દર મહિને 'સદ્‌વિચાર'નું મુખપત્ર 'સુવિચાર' આજે ૧૦,૦૦૦ જેટલા પરિવારમાં નિયમિત વંચાય છે. 'સુવિચાર'ના ગ્રાહકો અને વાચકો જ અમારા દાતાઓ છે. તેમના સહયોગથી આજે 'સદ્‌વિચાર પરિવાર' સંસ્થા અનેકવિધ સેવાઓ આપી રહી છે.

## 'સદ્‌વિચાર પરિવાર'ની વિવિધ પ્રવૃત્તિઓ

૧. જે દર્દીઓ ઘરમાં પથારીવશ હોય અથવા હલનચલનમાં મુશ્કેલી અનુભવતા હોય તેમને વિવિધ પ્રકારનાં મેડિકલ સાધનો ખૂબ નજીવા દરે ઘરવપરાશ માટે આપવામાં આવે છે.

૨. માનસિક આરોગ્ય કેન્દ્ર દ્વારા માનસિક અશાંતિ અને હતાશા દૂર કરવા અદ્યતન સારવાર આપવામાં આવે છે.

૩. આજના યુગની જરૂરિયાત પ્રમાણે કમ્પ્યૂટરમાં પ્રાથમિક અને એડ્‌વાન્સ કોર્સ દ્વારા કોઈ પણ ઉંમરની વ્યક્તિને કમ્પ્યૂટર સંચાલન માટે સુસજ્જ કરવામાં આવે છે.

૪. આંજનેય રીડિંગરૂમમાં ૨૫૦ જેટલાં યુવાન-યુવતીઓ સમગ્ર વર્ષ દરમિયાન પ્રવેશ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરે છે.

૫. સદ્‌વિચાર પરિવારના સ્થાપક અને આજીવન સેવાના ભેખધારી શ્રી હરિભાઈ પંચાલની પુણ્ય સ્મૃતિમાં સેવા ક્ષેત્રે સંપૂર્ણ સમર્પણ સાથે ઉત્કૃષ્ટ પ્રદાન કરનારને 'શ્રી હરિભાઈ પંચાલ સેવારત્ન એવોર્ડ' એનાયત કરવામાં આવે છે. દર વર્ષે ૬થી ૧૦ જાન્યુઆરીના પાંચ દિવસો દરમિયાન 'મનનો જમણવાર' યોજીને

સમાજની વિવિધ પ્રતિભાશાળી વ્યક્તિઓને આમંત્રિત કરી તેમનાં વક્તવ્ય યોજવામાં આવે છે.

૬. **અન્નદાન મહાદાન :** સંત પુનિત ખીચડી પ્રસાદ દ્વારા ૧૦૦ જેટલી વ્યક્તિઓને નિઃશુલ્ક ભોજન અને જરૂરિયાતમંદ પરિવારોને રાશનકિટનું વિતરણ કરવામાં આવે છે.

૭. ડૉ. શિલિનભાઈ શુક્લની સ્મૃતિમાં દર મહિનાના બીજા રવિવારે આરોગ્ય વિષયક પ્રવચન દ્વારા નિષ્ણાત ડૉક્ટરો રોગથી બચવા અને જરૂર જણાય તો યોગ્ય સારવાર લેવા માટે માર્ગદર્શન આપે છે.

૮. આજના સમયની તાતી જરૂરિયાતના સંદર્ભે 'સદ્‌વિચાર પરિવાર' સિનિયર સિટીઝન-વડીલો માટે છેલ્લાં પાંચ વર્ષથી કાર્યરત છે. **સદ્‌વિચાર પરિવાર વરિષ્ઠ ગૌરવ ગ્રૂપઃ**, ૬૦થી વધુ ઉંમરના સિનિયર સિટીઝન-વડીલો અરસપરસ હળી-મળી આનંદ કરીને જીવનસંધ્યાને ઉત્સવરૂપ બનાવી શકે તે માટે ૩૨૫થી વધુ સભ્યો ધરાવતું આ ગ્રૂપ કાર્યરત છે, જેઓ 'સદ્‌વિચાર પરિવાર'ના પ્રાંગણમાં અઠવાડિયામાં ત્રણ દિવસ ભેગા મળી અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે, તેમના સ્વાસ્થ્ય માટે સમયાંતરે વિવિધ ચેક-અપ કરવામાં આવે છે.

૯. **શ્રી હરિ ડાઈનિંગ હોલ :** શ્રી દિશા ફાઉન્ડેશન પ્રેરિત આ ભોજનાલય તરફથી દરરોજ ૧૦૦ જેટલા વરિષ્ઠ નાગરિકો ઘેરબેઠાં ટિફિન તેમજ ૬૦૦ જેટલી વ્યક્તિઓ ભોજન અને નાસ્તાની સુવિધાનો લાભ લે છે.

૧૦. **મદનમોહન રમણલાલ હોલ :** ૨૫૦ વ્યક્તિઓની ક્ષમતાવાળા આ હોલને ચાર કલાકના ધોરણે સાઉન્ડ સિસ્ટમ, ખુરશી, એરકન્ડિશન જેવી તમામ સુવિધા સાથે સામાજિક, ધાર્મિક પ્રસંગો માટે આપવામાં આવે છે.

૧૧. મેઘમણી ગ્રૂપના સૌજન્યથી સ્વજનની અંતિમયાત્રા માટે અદ્યતન 'મોક્ષવાહિની'ની સેવા નિઃશુલ્ક ઉપલબ્ધ છે.

૧૨. **સ્વજનના મૃત્યુ પ્રસંગે :** વિદેશ વસતાં સંતાનોની અંતિમ સંસ્કારમાં હાજરીની રાહ જોતા પરિવારો માટે એરકન્ડિશન કોફિનની સેવા ઉપલબ્ધ છે.

૧૩. **વડીલોનાં અસ્થિનું વિસર્જનઃ** ચાણોદ-નર્મદા નદી અથવા હરિદ્વાર-ગંગા નદીમાં વિસર્જન માટે અસ્થિ સ્વીકારવામાં આવે છે.

૧૪. **જન-જનને ભોજન:** દાતાઓના સહયોગથી સેંકડો લાભાર્થીઓને દરરોજ દાળ-ભાત, શાક અને રોટલીનું ભોજન નિઃશુલ્ક પૂરું પાડવામાં આવે છે.

૧૫. મહિલા ઉત્કર્ષ કેન્દ્ર તરફથી સફળ મહિલાઓનાં સન્માન, મહિલાઓમાં જાગૃતિ અને તેમના સશક્તીકરણ માટે અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. છેલ્લાં ત્રણ વર્ષથી ૨૦૦૦ + બહેનોને સીવણ, કમ્પ્યૂટરમાં સરકાર માન્ય CCC, ટેલિ, બેકરી, બ્યુટી પાર્લર માટેના બેઝિક અને એડ્વાન્સ લેવલના કોર્સ કરીને સમાજમાં પોતાનું ગમતું અને જરૂરિયાત અનુલક્ષીને કાર્ય કરીને આગળ વધવામાં 'સદ્‌વિચાર પરિવાર' સંસ્થા સહાયભૂત બની રહી છે.

૧૬. ગાંધીનગરના ઉવારસદ ખાતે 'સદ્‌વિચાર પરિવાર' સંચાલિત હીરાલક્ષ્મી ભીખાલાલ બેન્કર દિવ્યાંગ પુનર્વાસ કેન્દ્રમાં ૨૦૦ દિવ્યાંગ બાળકોના શિક્ષણ માટે નિવાસી શાળા આવેલ છે. દિવ્યાંગો માટે તેમની શક્તિનું નિદર્શન થાય તેવા કાર્યક્રમો પણ સાથે યોજવામાં આવે છે.

૧૭. સદ્‌વિચાર પરિવાર મેક એ ડિફરન્સ સંસ્થાના સહયોગથી સવાસો જેટલા અતિગરીબ પરિવારનાં બાળકોને સર્વાંગી વિકાસ માટે અનેકવિધ સુવિધાઓ પૂરી પાડે છે.

૧૮. અમદાવાદના નરોડા ખાતે સદ્‌વિચાર પરિવાર હરગોવનદાસ પ્રભુદાસ આંખની હૉસ્પિટલ આવેલ છે, જેમાં દર્દીનાં મોતિયાનાં અદ્યતન ટોપિકલ પદ્ધતિથી ફેકો મશીન દ્વારા લેન્સ મૂકીને ઓપરેશન ખૂબ જ નજીવા દરે કરવામાં આવે છે.

૧૯. સદ્‌વિચાર પરિવારની મણિનગર વિસ્તારમાં આવેલી શાખામાં ફિઝિયોથેરાપી સેન્ટર આવેલ છે. એલ.જી. હૉસ્પિટલ, મણિનગર ખાતે ખીચડી વિતરણનો સવાર-સાંજ અંદાજે ૩૦૦ વ્યક્તિઓ લાભ લે છે. દરરોજ સાંજે બહારગામના ૨૦ દર્દીઓનાં સગાંઓને ટિફિન સેવા, એલ.જી. હોસ્પિટલમાં દરરોજ સવારે અને સાંજે મફત દવાઓનું વિતરણ કરવામાં આવે છે. ત્યક્તા બહેનોને દર મહિને અનાજ સહાય, બીમાર દર્દીઓ માટેની માવજાતનાં સાધનો, લગભગ ૨૫ પ્રકારનાં ડિપોઝિટ લઈ ઓછા ભાડે, હૉસ્પિટલ બેડ, વ્હીલચેર, ઑક્સિજન કોન્સન્ટ્રેટર, સક્શન મશીન, બાયપેપ તથા સીપેપ સુધીનાં સાધનોની સુવિધા ઉપલબ્ધ છે.

૨૦. **શુભમ્ હૉલ :** સંસ્થાના સહયોગથી બે કલાકની સંપૂર્ણ વૈદિકવિધિ સાથે લગ્ન તેમજ તેના રજિસ્ટ્રેશન અંગેની તમામ કાર્યવાહી કરવામાં આવે છે. 'સદ્વિચાર પરિવાર'નાં રામદેવનગર અને નરોડા બંને સેન્ટર ઉપર આ વ્યવસ્થા કરવામાં આવેલ છે.

૨૧. સદ્વિચાર પરિવાર 'પરિણય મેરેજ બ્યૂરો' સાથે રહીને આજના સમયની બદલાતી સ્થિતિ અનુસાર જીવનસાથીની શોધ માટે મેરેજ બ્યૂરોની સુવિધા પણ પૂરી પાડવામાં આવે છે.

૨૨. **ડૉ. કે.આર. શ્રોફ સેવા સદન-સિનિયર સિટીઝન, વડીલો માટે આરોગ્ય વિષયક સેવાઓ:** આ પ્રવૃત્તિ કરતાં સમાજની આજની સ્થિતિ જોતાં અમને અનુભવે જણાયું કે પથારીવશ વડીલો, વિદેશમાં સંતાનો હોય અને તેમનાં માતા-પિતા એકલાં રહેતાં હોય, પોતાના પાત્રનું મૃત્યુ થતાં એકલા અને બીમાર પથારીવશ થતા વડીલો એમ એવા કેટલાય વડીલોની આરોગ્ય વિષયક કાળજી માટેનું સ્થળ એટલે સદ્વિચાર પરિવારનું ચાર માળનું 'ડૉ. કે.આર. શ્રોફ સેવા સદન'. જ્યાં વડીલો અને જરૂરિયાતમંદ વ્યક્તિઓ માટે અદ્યતન ફિઝિયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપી સેન્ટર, ડેન્ટલ ક્લિનિક, ફાર્મસી, લેબોરેટરી સેવાઓ, જે દર્દીઓ ઘરમાં પથારીવશ હોય અથવા હલનચલનમાં મુશ્કેલી અનુભવતા હોય તેમને વિવિધ પ્રકારનાં મેડિકલ સાધનો ખૂબ નજીવા દરે ઘરવપરાશ માટે આપવામાં આવે છે.

૨૩. વરિષ્ઠ નાગરિકો માટે આધુનિક રિહેબિલિટેશન સેન્ટર ૪૦ બેડ્સની ક્ષમતા સાથે ઉપલબ્ધ છે. આંખોના જતન માટે કોમ્યુનિટી આંખની હોસ્પિટલ તેમજ હેલ્થ કેર સહાય માટે તાલીમ કેન્દ્ર, વરિષ્ઠ નાગરિકો માટે મલ્ટિ-સ્પેશિયાલિટી ક્લિનિક, મહિલાઓ માટે મલ્ટિ-સ્પેશિયાલિટી ક્લિનિક, બાળકો માટે ક્લિનિક, જરૂરિયાતમંદ માટે નિઃશુલ્ક અથવા ખૂબ નજીવા દરે દવાખાનું, માનસિક આરોગ્ય ક્લિનિક, કૉન્ફરન્સ હોલ, વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવા માટે જગ્યા 'ડૉ. કે.આર. શ્રોફ સેવા સદન'માં આવેલ છે.

૨૪. દર શુક્રવારે તમામ બહેનો માટે સંપૂર્ણ શારીરિક તપાસ સંબંધિત વિષયોના નિષ્ણાત ડૉક્ટરો દ્વારા કરી આપવામાં આવે છે. આ સાથે બ્રેસ્ટ કેન્સરની પ્રિવેન્શન તપાસ પણ કરવામાં આવે છે. આરોગ્ય સંકુલ મારફત સરેરાશ મહિનાના ૧૧૫૦થી વધુ ઓપીડી દર્દીઓને નિઃશુલ્ક દવા આપવામાં આવે છે.

વિવિધ રોગોના નિષ્ણાત તબીબો દ્વારા નિદાન અને સારવારની સુવિધા ખૂબ જ વાજબીદરે ઉપલબ્ધ છે.

૨૫. **જનરલ ડ્યૂટી આસિસ્ટન્ટ કોર્સઃ** ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માન્ય જનરલ ડ્યૂટી આસિસ્ટન્ટ સર્ટિફિકેટ કોર્સમાં નિઃશુલ્ક રીતે અમારા અનુભવી ડૉક્ટરો તથા ટ્રેઈનરો દ્વારા વર્ગશિક્ષણ તથા પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે. ત્રણ મહિનાની તાલીમ બાદ પેઈડ ઇન્ટર્નશિપની જોગવાઈ તેમજ રોજગાર મેળવવામાં પણ સહાય આપવામાં આવે છે.

૨૬. 'સદ્‌વિચાર પરિવાર' સંચાલિત ચીનુભાઈ આર. શાહ કમ્પ્યૂટર એન્ડ લેંગ્વેજ એકેડેમીમાં ભારતીય અને વિદેશી ભાષા શિખવાડવામાં આવે છે, જેવી કે ગુજરાતી, સંસ્કૃત, સ્પેનિશ, અંગ્રેજી, ઇટાલિયન, ફ્રેન્ચ, જર્મન, રશિયન વગેરેના તાલીમવર્ગો માટે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમ થકી અનુભવી ફેકલ્ટી દ્વારા શિખવાડવામાં આવશે, જેનો તમે લાભ લઈ શકશો.

૨૭. 'સદ્‌વિચાર પરિવાર'ના પ્રાંગણમાં સોમવારથી શનિવાર દરરોજ સાંજના છ થી સાત વાગ્યા દરમિયાન ભાઈઓ અને બહેનો માટે યોગના વર્ગો નિયમિત રીતે ચાલે છે, જેમાં આપ સૌ લાભ લઈ શકશો.

૨૮. હોમ હેલ્થ કેર વાન સર્વિસની વ્યવસ્થા ઉપલબ્ધ છે, જેમાં જે વડીલો હૉસ્પિટલ આવી શકતા ન હોય અથવા ઘરેથી સારવાર મેળવવી હોય તેવા વડીલો માટે પ્રાથમિક આરોગ્ય તપાસ અને કાળજી પૂરી પાડી શકાય તેવા શુભાશયથી હોમ હેલ્થ કેર વાનની સેવા ઉપલબ્ધ છે.

૨૯. તેજસ્વી-જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ પૂર્ણ કરવા માટે યોગ્ય રકમ લોન સહાય તરીકે આપવા માટે દક્ષાબહેન પંકજભાઈ શાહ એજ્યુકેશન ફંડ (શિક્ષણનિધિ)માંથી આપવામાં આવે છે.

૩૦. જે દાતાશ્રીઓ દ્વારા સ્વજનની સ્મૃતિમાં રૂપિયા એક લાખ કે તેથી વધારે રકમનું દાન આપવામાં આવશે તેમની ઈચ્છા મુજબ મુખ્ય કચેરીની તકતીમાં નામ, 'સદ્‌વિચાર પરિવાર'નું આજીવન સભ્યપદ આપવામાં આવશે. 'સુવિચાર' ના ગ્રાહકોનો મોકલવામાં આવેલા લવાજમ માટે નામ સાથે આભાર પ્રગટ કરવામાં આવશે.

૩૧. સદ્‌વિચાર પરિવારના ઉવારસદ ખાતે આવેલ શ્રીમતી સવિતાબહેન હસમુખલાલ કૌશલ્ય નિર્માણ કેન્દ્રમાં કુલ સાત કોર્સ, જેવા કે ૧. બ્યુટી પાર્લર,

૨. બેકરી, ૩. ઈલેક્ટ્રિક વાયરિંગ, ૪. રેફ્રિજરેટર, ૫. કૉમ્પ્યૂટરમાં CCC અને ટેલિ, ૬. ઈન્સ્ટ્રિયલ સીવણ, ૭.કન્ઝ્યુમર સર્વિસ અને રિટેલિંગનો કોર્સ ગાંધીનગર અને આસપાસના વિદ્યાર્થીઓ-બહેનો માટે ખૂબ જ નજીવા દરે પોતાની સ્કિલને ડેવલપ કરવા માટેની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

૩૨. સદ્‌વિચાર પરિવાર સેટેલાઈટ ખાતે રેડ ક્રોસના સહયોગથી પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્ર સાથે પેથોલોજી લેબોરેટરીની સેવા રાહતદરે ઉપલબ્ધ છે, જેના થકી વિવિધ પ્રકારના રિપોર્ટ્સની સુવિધા અત્યાધુનિક ઈક્વિપમેન્ટ દ્વારા અને નિષ્ણાત તથા ટેક્‌નિકલ સ્ટાફ દ્વારા ઉપલબ્ધ છે, સાથે સ્ટોરમાં ૨૧૦૦ કરતાં વધુ જેનરિક દવાઓ તથા ૧૫૦થી વધુ સર્જિકલ ઉપકરણો બજારભાવ કરતાં અંદાજે ૫૦ થી ૯૦% કરતાં ખૂબ સસ્તા ભાવમાં સર્વે નાગરિકો માટે ઉપલબ્ધ છે.

આ વિવિધ સેવાઓનો લાભ વધુમાં વધુ લોકો સુધી પહોંચે એ ઉદ્દેશ સાથે આ સેવાની ધૂણી જેમણે પ્રજ્વલિત કરી છે એવા ‘સદ્‌વિચાર પરિવાર’ના સ્થાપક સ્વ. શ્રી હરિભાઈ પંચાલની મૂલ્યનિષ્ઠ વિચારધારા ઉપર અવલંબિત સંસ્થાના સમગ્ર ટ્રસ્ટીગણશ્રીઓ પૂરી નિષ્ઠા અને સમર્પણ સાથે કાર્યરત છે.

અમારી સેવાઓ અંગે વધુ માહિતી માટે

તમે અમારો સંપર્ક E-mail: sdparivar.org@gmail.com અને આરોગ્યલક્ષી સેવાઓની માહિતી માટે અમારા સેવા સદનના હેલ્પલાઈન નંબરઃ ૯૮૯૮૩૭૭૭૦૦ ઉપર સંપર્ક કરી શકશો.

વધુ માહિતી માટે અમારી Website: www.sadvicharparivar.orgની મુલાકાત પણ લેતા રહેશો.

આ પુસ્તક આપ સૌને ઉપયોગી થઈ શકે એ ભાવના સાથે ‘સદ્‌વિચાર પરિવાર’ની સ્થાપનાના ૬૦મા વર્ષની ઉજવણી એવા ષષ્ટી પર્વના ભાગરૂપે પુસ્તકમાં રહેલા વિચારભાવને અમે આપની સમક્ષ આ પુસ્તકરૂપે કરી રહ્યા છીએ.

# સદ્‌વિચાર પરિવાર

| ક્રમ | વિગત | ક્રમ | યોજનાનું નામ | દૈનિક/ માસિક | દાનની રૂ.જરૂરિયાત | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| ૧ | અન્નદાન મહાદાન | ૧ | સંત પુનિત ખીચડી પ્રસાદ | દૈનિક | ૧૫૦૦/- | ૧૨૫ |
| ૨ | | ૨ | જન-જનને ભોજન | દૈનિક | ૪૫૦૦/- | ૧૫૦ |
| ૩ | | ૩ | જરૂરિયાતમંદ પરિવારોને રાશન યોજના | માસિક | ૩૫૦૦/- | ૪૦ |
| ૪ | | ૪ | ઉંવારસદ દિવ્યાંગ બાળકો માટે સાદું ભોજન | એક ટંકના | ૧૦,૦૦૦/- | ૯૫ |
| ૫ | | ૫ | ઉંવારસદ દિવ્યાંગ બાળકો માટે મિષ્ટાન્ન સાથે ભોજન | એક ટંકના | ૧૨,૦૦૦/- | ૯૫ |
| ૬ | | ૬ | ઉંવારસદ દિવ્યાંગ બાળકો માટે સવારનો ચા-નાસ્તો | એક ટંકના | ૩૦૦૦/- | ૯૫ |
| ૭ | | ૭ | ઉંવારસદ દિવ્યાંગ બાળકો માટે બપોરનો નાસ્તો | એક ટંકના | ૨૦૦૦/- | ૯૫ |
| ૮ | | ૮ | રીડિંગરૂમના વિદ્યાર્થીઓ માટે ભોજન સહાય | એક ટંકના | ૭૦/- | ૧૧૦ |
| ૯ | વિદ્યાભ્યાસ | ૧ | વિદ્યાર્થીઓ માટે ગણવેશ (એક વિદ્યાર્થી માટે) | બે જોડ | ૧૦૦૦/- | ૯૫ |
| ૧૦ | | ૨ | નોટબુક - સ્ટેશનરી | વિદ્યાર્થીદીઠ | ૫૦૦/- | ૯૫ |
| ૧૧ | | ૩ | દફતર | વિદ્યાર્થીદીઠ | ૩૦૦/- | ૯૫ |
| ૧૨ | | ૪ | દિવ્યાંગ વિદ્યાર્થી માટે ટ્રાઈસિકલ | વિદ્યાર્થીદીઠ | ૧૧,૦૦૦/- | ૯૫ |
| ૧૩ | | ૫ | દિવ્યાંગ વિદ્યાર્થીઓને રમત-ગમત અને સંગીતનાં સાધનો (લિસ્ટ કચેરીમાંથી મળશે) | | ૨૦૦૦થી ૧૦,૦૦૦/- | ૯૫ |
| ૧૪ | | ૬ | કમ્પ્યૂટર સહાય | | ૩૫,૦૦૦/- | |
| ૧૫ | ગૌશાળા | ૧ | ગૌશાળાની એક ગાય દત્તક | | ૩૧,૦૦૦/- | |
| ૧૬ | | ૨ | એક દિવસનો ઘાસચારો | દૈનિક | ૧૧૦૦/- | |
| ૧૭ | કૉમ્યુનિટી હૉલ | ૧ | ચાર કલાકના ભાડા સાથે એ.સી., ખુરશી, માઈક સ્પીકર સાથે સગવડ | | ૨૦,૦૦૦/- | ૧૫૦ |
| ૧૮ | સેવા સદન | ૧ | વડીલ માવજત કેન્દ્ર અંતર્ગત ૪૦ બેડની વ્યવસ્થા સાથે માટેની રહેવાની તથા મેડિકલ સુવિધા | દૈનિક | ૫૫૦/- | ૪૦ |
| ૧૯ | | ૨ | વડીલો માટે ભોજન | એક ટંકના | ૯૦/- | |

# અનુક્રમણિકા


| ક્રમ | શીર્ષક | પાના નંબર |
|---|---|---|
| ૧. | રાજા ! પ્રજાની પથારીમાં શયન કરજે ! | ૧ |
| ૨. | ધનુષની પણછ ઢીલી કરવી જોઈએ ! | ૩ |
| ૩. | બાવળ અને ગુલાબમાં આભ-જમીનનું અંતર છે ! | ૪ |
| ૪. | પવિત્રતા તો સેવા અને શ્રમથી જ પ્રાપ્ત થાય ! | ૬ |
| ૫. | ઈશ્વરના અસ્તિત્વનું મને પ્રમાણ આપો ! | ૭ |
| ૬. | સંસ્કારી અને ગુણવાન ગરીબ હોતા નથી | ૯ |
| ૭. | દુ:ખ અને સુખ વચ્ચેનો ભેદ કેટલો ? | ૧૦ |
| ૮. | ભેટ હતી, તે તો ભાગી ગઈ ! | ૧૧ |
| ૯. | તમે શ્રાવણ કર્યું, એણે આચરણ કર્યું ! | ૧૨ |
| ૧૦. | દુનિયામાં પ્રાપ્તિ એ જ સંપત્તિ નથી ! | ૧૪ |
| ૧૧. | ગંગા પાર કરવા રેતીનો પુલ બનાવું છું ! | ૧૬ |
| ૧૨. | આવો ત્યારે ખાલી હાથે આવજો ! | ૧૭ |
| ૧૩. | બધાંને સ્વર્ગ મળે, તો હું નરકમાં જવા તૈયાર છું | ૧૮ |
| ૧૪. | નાશવંત હોય, તે અદ્ભુત કઈ રીતે ? | ૧૯ |
| ૧૫. | જીવનના પ્રશ્નોનો ઉત્તર જાણવાથી નહીં, પણ જીવન જીવવાથી મળશે ! | ૨૧ |
| ૧૬. | પાણી મળશે પણ રક્ત ક્યાંથી લાવશો ? | ૨૩ |
| ૧૭. | ખબર લેવા તો હું ગયો હતો ! | ૨૫ |
| ૧૮. | મને પાયાના પથ્થર થવું વધુ ગમે છે ! | ૨૬ |
| ૧૯. | સત્તા અને સિક્કાની લાલચ ધરાવતો સૌથી મોટો દરિદ્ર ! | ૨૮ |
| ૨૦. | સ્વાર્થ અને શત્રુતા ભુલાવે, તે ઉપકાર ! | ૩૦ |
| ૨૧. | શિષ્યને ગુરુવચનમાં ભારે શંકા જાગી ! | ૩૨ |
| ૨૨. | સફળતાનો મુખ્ય મંત્ર શોધી આપો | ૩૪ |
| ૨૩. | સ્વાદિષ્ટ હોય, તે અલ્પ માત્રામાં લેવાય | ૩૬ |
| ૨૪. | દરેકની જિંદગીનું એક મૂલ્ય હોય છે ! | ૩૭ |
| ૨૫. | પેટને તૃપ્ત કરનારી આગ ઘરને ભસ્મ કરી શકે છે ! | ૩૮ |

# ૧. રાજા ! પ્રજાની પથારીમાં શયન કરજે !

છેલ્લા કેટલાક સમયથી રાજા હરિસિંહ  અત્યંત વ્યથિત હતા. એમના મનને સહેજે શાંતિ નહોતી. સત્તાનો વિસ્તાર અને સંપત્તિની વર્ષા અવિરત વધતી હતી, તેમ તેમ જીવનનો અજંપો વધવા લાગ્યો. અથાગ પ્રયત્ન કરવા છતાં પોતાના અહંકારને જીતી શકતા નહોતા, આથી એણે રાજગુરુને કહ્યું, 'ગુરુદેવ, મારી પાસે સઘળું છે અને છતાં કશું નથી. વૈભવ હોવા છતાં બેચેની છે સત્તા હોવા છતાં ઉજાગરો છે, કોશિશ કરવા છતાં ક્રોધને વશ થઈ જાઉં છું અને અહંકાર સદા પજવ્યા કરે છે. આનો કોઈક રસ્તો બતાવો.'

રાજગુરુએ કહ્યું, 'રાજન્, હું કોઈ મોટી વાત કરવાનો નથી. માત્ર ત્રણ નાની શિખામણ આપું છું. એનું પાલન કરીશ તો જરૂર તારી આંતરિક મુશ્કેલીઓમાંથી પાર ઊતરીશ.'

'કઈ ત્રણ વાત છે, ગુરુજી ? એને હું સદૈવ યાદ રાખીશ.'

રાજગુરુએ કહ્યું, 'પહેલી વાત છે મજબૂત કિલ્લામાં રહેવાની. બીજી ભોજન સ્વાદપૂર્ણ લેવાની અને ત્રીજી પ્રજાની પથારીમાં સૂવાની.'

રાજા હરિસિંહને આ ત્રણમાંથી એકેય વાત સમજાઈ નહીં. એમણે મર્મ પૂછતાં રાજગુરુએ ઉત્તર આપ્યો,

'પહેલી વાત છે મજબૂત કિલ્લાઓમાં રહેવાની. એનો અર્થ એ કે સદા ચારિત્રવાન રહેવું. જીવનના કિલ્લામાં વ્યસનોને બાકોરું પાડીને પ્રવેશવા દેવા નહીં. મનના કિલ્લામાં અહંકાર કે અનિષ્ટ ઘૂસી જાય નહીં, તેની તકેદારી રાખવી. આ કિલ્લાઓ મજબૂત રાખીશ તો તારું રાજ સદાકાળ ટકશે.

'પણ સ્વાદપૂર્ણ ભોજન લેવાની આપની વાતનો મર્મ શો?'

રાજગુરુ બોલ્યા, 'લુખ્ખુ-સૂકું મળે, તેને પ્રેમપૂર્વક ચાવીને સ્વાદિષ્ટ બનાવજે અને ત્રીજી વાત એ કે પ્રજાની પથારીમાં સૂવું.

તારી પ્રજામાં કોઈ ગરીબને પથ્થરનું ઓશીકું મૂકીને સૂવું પડતું હશે, તો કોઈ યાચકને જમીન પર સૂવું પડતું હશે. તારે માટે એ મુલાયમ પથારી બનવા જોઈએ. પથારીમાં વ્યક્તિ પોતાનાં સુખ-દુઃખનો વિચાર કરે છે, તેમ તારે પણ રાત્રે પથારીમાં પ્રજાનાં સુખ-દુઃખનો વિચાર કરવો જોઈએ.'

રાજા હરિસિંહને સમજાયું કે રાજગુરુ એને ત્યાગી બનવાનું કહે છે. જો એ ત્યાગી બનીને પોતાની પ્રજાનું ધ્યાન રાખે, તો એને સત્તા, સંપત્તિનો મોહ કે મનનો અહંકાર ક્યારેય સ્પર્શશે નહીં.

## ૨. ધનુષની પણછ ઢીલી કરવી જોઈએ !

પરમ જ્ઞાની મતંગ ઋષિ પશુપક્ષીઓ તરફ અગાધ સ્નેહ ધરાવતા હતા. અધ્યયન અને ઈશ્વરોપાસનામાંથી સમય મળે કે તરત જ એ પક્ષીઓ પાસે પહોંચી જતા અને એમની સાથે આનંદભેર ગેલ કરતા હતા. કબૂતર એમના ખોળામાં બેસે, કાબરો એમના ખભા પર બેસે અને આમ એમની આજુબાજુ જાણે પક્ષી-સભા ભરાઈ જતી.

એક વાર મતંગ ઋષિને મળવા માટે અનંગ ઋષિ આવ્યા અને એમણે મતંગ ઋષિને પક્ષીઓ સાથે લાંબા સમય સુધી ગેલ કરતાં જોયા.

અનંગ ઋષિએ અકળાઈને કહ્યું, 'આપના જેવા મહાન શાસ્ત્રજ્ઞ ઋષિરાજ બાળકની પેઠે પક્ષીઓ સાથે કેમ રમે છે તે સમજાતું નથી? આ રીતે તો તમે તમારો મૂલ્યવાન સમય બરબાદ કરી રહ્યા છો.'

આ સાંભળીને મતંગ ઋષિએ બાજુમાં પડેલું ધનુષ હાથમાં લીધું અને એની પણછ ઢીલી કરી. અનંગ ઋષિ વળી પરેશાન થઈ ગયા. એમને આનો અર્થ સમજાયો નહીં એટલે બોલ્યા, 'તમે ધનુષ્યની દોરી (પણછ) શા માટે ઢીલી કરીને મૂકી દીધી? એમ કરીને તમે મને શું સંદેશ આપવા માગો છો?'

મતંગ ઋષિએ કહ્યું, 'આ રીતે મેં તમને તમારા પ્રશ્નનો ઉત્તર આપી દીધો, તેમ છતાં હું મારો પ્રત્યુત્તર સમજાવું. આપણું મન એ ધનુષ્યની પણછ જેવું છે. જો ધનુષની દોરીને સતત ચુસ્ત અને કડક રાખો, તો તે થોડા સમયમાં તૂટી જશે, પરંતુ માત્ર ધનુષ્યનો ઉપયોગ કરતી વખતે એને બરાબર ચડાવવામાં આવે, તો એ ધનુષ્ય લાંબો સમય ટકે છે અને ધાર્યાં નિશાન પાડી શકે છે. આથી કોઈ પણ કામ કરવા માટે એકાગ્ર મન જરૂરી છે, પરંતુ કામ પૂર્ણ થયે મનને આરામ આપવાથી એ વધુ સ્ફૂર્તિવાન, એકાગ્ર અને ચેતનવંતું બનશે, એથીય વિશેષ લાંબા સમય સુધી સ્વસ્થ અને કાર્યાન્વિત રહેશે.'

મતંગ ઋષિનો ઉત્તર સાંભળીને અનંગ ઋષિએ હાથ જોડીને કહ્યું, 'હવે ખ્યાલ આવ્યો કે આપ દરેક ક્ષેત્રમાં સતત સફળતા પ્રાપ્ત કરો છો, એનું રહસ્ય શું છે.'

## ૩. બાવળ અને ગુલાબમાં આભ-જમીનનું અંતર છે !

અતિ સ્વરૂપવાન અનાથ યુવાનને મોજથી હસતો-ખેલતો જોઈને સંત પરમાનંદના યુવાન શિષ્ય અનંતના મુખમાંથી ઉદ્દ્ગારો સરી પડ્યા, 'વાહ, કેવી મોજ-મસ્તીમાં જીવે છે આ બેફિકરો યુવાન ! એના મન પર અધ્યયનની કોઈ ચિંતા નથી. વિદ્યાભ્યાસનો કોઈ ભાર નથી. એને મુખપાઠ કરવાના શ્લોકોની સહેજે ફિકર નથી. પ્રહર સુધી સ્વાધ્યાય કરવાની નિશ્ચિત મર્યાદા નથી. કેવો મોજથી જીવે છે આ !'

સંત પરમાનંદ પોતાના શિષ્યના ઉદ્દ્ગારો સાંભળીને હસ્યા. તેથી યુવાન શિષ્ય અનંતથી રહેવાયું નહીં ને એ બોલી ઊઠ્યો.

'ગુરુદેવ, મને એ સમજાતું નથી કે જીવનમાં જ્ઞાનાભ્યાસની શી જરૂર છે ? જ્ઞાની હોય કે અજ્ઞાની – બંનેની ઉંમર તો વધતી જ રહે છે અને મોટા તો થાય છે જ. વળી, જ્ઞાનવાન સ્વરૂપવાન હોય અને અજ્ઞાની કદરૂપો હોય એવુંય નથી. જુઓને, આ અશિક્ષિત અનાથ યુવાન કેવો રૂપવાન છે!'

સંત પરમાનંદ પોતાના શિષ્યની અકળામણ સમજી ગયા. એને લઈને આશ્રમમાં આવ્યા. એમણે એને બાવળનું ઝાડ બતાવીને કહ્યું, 'પ્રિય શિષ્ય, જરા જો તો ખરો. આ બાવળનું ઝાડ કોઈ પણ જાતની સંભાળ વગર આપોઆપ ઊગ્યું છે અને એની બાજુમાં રહેલો ગુલાબનો છોડ સતત કેટલી બધી સારસંભાળ માગે છે.'

શિષ્ય અનંતે કહ્યું, 'ગુરુદેવ, બાવળ અને ગુલાબને બતાવીને તમે શું કહેવા માગો છો ?'

'જરા વિચાર કર શિષ્ય, ગુલાબના છોડની માવજત કરીએ, તો એ સુંદર સુવાસિત ફૂલ આપે છે, જ્યારે કશીય માવજત કે સારસંભાળ વિના ઊગતા બાવળ પાસેથી કાંટા સિવાય બીજું કશું મળતું નથી ! દુર્ગુણો ગ્રહણ કરવા આસાન છે, જ્યારે સદ્દ્ગુણો પામવા માટે ઉચિત કેળવણી આવશ્યક છે. માણસને કેળવે તે કેળવણી. આવી શિક્ષા અને

સંસ્કારી વાતાવરણથી વિદ્યાર્થીનું એક આગવું વ્યક્તિત્વ વિકસે છે, જેનાથી એ ભવિષ્યમાં સફળતા પ્રાપ્ત કરે છે. શિક્ષાના અભાવે જે બાળકોને સંસ્કાર પ્રાપ્ત થતા નથી, એમાંનાં મોટા ભાગનાં બાળકોમાં બૂરાઈઓ અને દૂષણો ઘર કરી જાય છે, આથી શિક્ષણનો હેતુ ભવિષ્યના સદ્ગુણી નાગરિકો તૈયાર કરવાનો છે.'

શિષ્ય અનંતના અંતરની અકળામણ શાંત થઈ અને સંસ્કારી જીવન માટે શિક્ષણની આવશ્યકતા સમજાઈ.

## ૪. પવિત્રતા તો સેવા અને શ્રમથી જ પ્રાપ્ત થાય !

શીખોના દસમા ગુરુ ગોવિંદસિંઘે ધર્મ અને સંસ્કૃતિને રક્ષવા માટે 'ખાલસા'ની સ્થાપના કરી. એમનો હેતુ મુઘલ શાસનને પડકાર ફેંકવાનો હતો, આથી હોળી જેવા તહેવારને 'હોલા' તરીકે મનાવવાનો પ્રારંભ કરીને એમણે શસ્ત્રવિદ્યાને લોકવ્યાપક બનાવી. બાળપણથી જ તેઓ શસ્ત્ર અને શાસ્ત્ર બંને વિદ્યામાં નિપુણ હતા. એક વાર તેઓ ધર્મચર્ચા કરતા હતા. એમની પાવન વાણી વહી રહી હતી. ધર્મચર્ચા પૂર્ણ થયા બાદ એમને તરસ લાગતાં પાણી માગ્યું અને સાથે સાથે કહ્યું, 'કોઈ પવિત્ર હાથ મારે માટે પીવાનું પાણી લઈ આવે.'

ગુરુ ગોવિંદસિંઘનો આદેશ સાંભળતાં જ એમનો એક શિષ્ય ચાંદીના પાત્રમાં જળ લઈને તત્કાળ હાજર થઈ ગયો અને બોલ્યો, 'ગુરુદેવ, આ રહ્યું આપને માટે જળ.' ગુરુ ગોવિંદસિંઘની નજર શિષ્યના પાણી આપવા માટે લંબાયેલા હાથની હથેળી પર પડી અને બોલ્યા, 'શિષ્ય, તારા હાથ તો અતિ કોમળ છે, કેમ ?'

શિષ્યે માન્યું કે ગુરુ સ્વયં એની પ્રશંસા કરે છે એટલે અહંકાર સાથે ઉત્તર આપ્યો, 'ગુરુદેવ, મારા આ હાથોએ ક્યારેય મહેનત-મજૂરી કર્યા નથી. નોકર-ચાકરોની ફોજ હોવાથી ઘરનું કોઈ કામ કર્યું નથી, આથી આ હાથ સુંવાળી ગાદી જેવા રહ્યા છે.'

ગુરુ ગોવિંદસિંઘ ચાંદીના જલપાત્રને હોઠ પર લગાડવા જતા હતા, ત્યાં જ એમનો હાથ અટકી ગયો અને એ બોલ્યા, 'તમે લાવેલું જળ હું ગ્રહણ કરી શકીશ નહીં. મેં તો કોઈ પવિત્ર હાથ ધરાવનારને જળ લાવવાનું કહ્યું હતું.'

શિષ્યને પારાવાર આશ્ચર્ય થયું. એણે કહ્યું, 'ગુરુદેવ, મારા હાથ સર્વથા પવિત્ર છે. હથેળી અત્યંત સુંવાળી અને એટલી જ સ્વચ્છ છે, માટે આપ નિરાંતે જલ ગ્રહણ કરો.' ગુરુ ગોવિંદસિંઘે ઉત્તર આપ્યો, 'તમારા હાથને હું પવિત્ર કઈ રીતે માની શકું ? પવિત્રતા તો સેવા અને શ્રમથી પ્રાપ્ત થાય છે. તમે કોઈની સેવા કરી નથી, બલ્કે બીજાની સેવા લીધી છે. તમે કોઈ શ્રમકાર્ય પણ કર્યું નથી, તેથી તમે લાવેલું જળ હું પી શકું નહીં.' આમ કહીને આ મહાન ગુરુએ શિષ્યના જલપાત્રનો અસ્વીકાર કર્યો.

# ૫. ઈશ્વરના અસ્તિત્વનું મને પ્રમાણ આપો !

રાજસભામાં પધારેલા મહાત્માનું આદરપૂર્વક સ્વાગત કર્યા બાદ કાશીનરેશે પોતાના મનમાં વર્ષોથી ચકરાવા લેતો સંશય વ્યક્ત કર્યો.

'ગુરુદેવ, વર્ષોથી એક સવાલ મને સતત સતાવ્યા કરે છે. આપની પાસેથી આજે એનો ઉત્તર મળશે, એવી અપેક્ષા છે. સહુ કોઈ ઈશ્વરના અસ્તિત્વની અને પ્રભુત્વની મોટી મોટી વાતો કરે છે, પરંતુ મારે ગળે એ વાત સહેજે ઊતરતી નથી, જો ઈશ્વર હોય, તો મારે સાક્ષાત્ જોવા છે. બાકી બધું ખોટું.'

મહાત્માએ ઉત્તર આપ્યો, 'આ આકાશ અને ધરતી જુઓ, માનવ, જંતુ અને પશુપક્ષી જુઓ. એનું કોણે નિર્માણ કર્યું હશે એનો વિચાર કરશો એટલે બ્રહ્માંડના રચયિતા ઈશ્વરનો આપોઆપ અનુભવ થશે.'

કાશીનરેશે પુનઃ પોતાનો તીવ્ર સંશય પ્રગટ કરતાં કહ્યું, 'ગુરુદેવ, બ્રહ્માંડનિયંતા વિશે ગણ્યા ગણાય નહીં તેટલા ગ્રંથોમાં ઘણું ઘણું વાંચ્યું છે. ઉપદેશોમાં એ જ સઘળું શ્રવણ કર્યું છે, પણ મારે તો એનું પ્રત્યક્ષ પ્રમાણ જોઈએ. તો જ હું માનું !'

મહાત્માએ કહ્યું કે તેઓ આને માટે પ્રયત્ન કરશે અને આવતીકાલે મધ્યાહ્ને મળવા આવશે.

મધ્યાહ્નનો સૂર્ય આકાશમાં તપતો હતો. એમાંથી પારાવાર ગરમી ધરતીને સળગાવી રહી હતી, ત્યારે મહાત્માએ સમ્રાટને કહ્યું, 'ચાલો, જરા બહાર જઈએ. બપોરના બળબળતા તાપની મોજ માણીએ.'

કાશીનરેશ અકળાયા. એમને એમ થયું કે આવી ભરબપોરમાં તે કંઈ બહાર લટાર મારવા જવાતું હશે, પણ મહાત્માની આજ્ઞાનો અનાદર કરવો મુશ્કેલ હોવાથી એમની સાથે બહાર નીકળ્યા, આ સમયે મહાત્માએ કહ્યું, 'સમ્રાટ, જરા આંખો બરાબર ખોલી રાખો અને ખુલ્લી જ રાખો. આકાશમાં તપતા સૂર્યની ચમક જુઓ. આંખ માંડીને માત્ર સૂર્ય સમક્ષ જોજો. બીજે ક્યાંય નહીં. તમારા મનમાં એ અંગે કોઈ ભય કે આનાકાની હોય, તો એનો પણ સર્વથા ત્યાગ કરજો.'

કાશીનરેશે સૂર્ય સમક્ષ જોવાનો પ્રયત્ન કર્યો, પરંતુ સૂર્યના પ્રકાશથી એમની આંખો તત્કાળ અંજાઈ ગઈ. તેઓ બોલી ઊઠ્યા, 'ગુરુદેવ, આ બળબળતા સૂર્યને હું કઈ રીતે જોઈ શકું? મારી આ શક્તિ નથી.'

મહાત્માએ કહ્યું, 'તારી વાત સાવ સાચી. આપણામાં ઈશ્વરનું સાક્ષાત્ રૂપ જોવાનું સાહસ નથી. જ્યારે તમે ઈશ્વરના એક નાનકડ સર્જન સમાન સૂર્યને જોઈ શકતા નથી, તો એના વિરાટ સ્વરૂપને કઈ રીતે જોઈ શકશો?'

# ૬. સંસ્કારી અને ગુણવાન ગરીબ હોતા નથી

ગુરુકુળમાં સંસ્કૃત વિષયનું અધ્યાપન કરાવતી શિક્ષિકા એનાં બંને સંતાનોને ઉત્તમ શિક્ષણ મળે તેવો પ્રયત્ન કરતી હતી. પતિનું અકાળ અવસાન થયું હોવાથી આ શિક્ષિકા પર ઘરની સઘળી જવાબદારી હતી. આર્થિક ભીંસમાં જીવતી શિક્ષિકા એટલી સ્વાભિમાની હતી કે એ ક્યારેય કોઈની પાસે હાથ લાંબો કરતી નહીં, પરંતુ ગુરુકુળના ધનવાન સંચાલકને થયું કે આ શિક્ષિકાને મારે મદદ કરવી જોઈએ. એની વિદ્વત્તાને એ જાણતા હતા, પણ સાથે સાથે એની નિર્ધનતાનોય ખ્યાલ આવ્યો. આથી સંચાલકે એ શિક્ષિકાને ઘેર જઈને એમને કહ્યું,

'તમે નિર્ભીક અને સ્વાભિમાની છો, તેનો મને પૂરેપૂરો ખ્યાલ છે, પણ હું ઈચ્છુ છું કે તમારાં સંતાનો સારું એવું શિક્ષણ પ્રાપ્ત કરે અને તે માટે મારી આ રકમનો સ્વીકાર કરશો.'

શિક્ષિકાએ હસીને કહ્યું, 'આપની પાસે મારે વિશે સાવ ખોટી માહિતી છે. કોણે કહ્યું કે હું એટલી ગરીબ છું કે મારા સંતાનોને શિક્ષણ પણ આપી શકું તેમ નથી ? ખરેખર તો મારી પાસે જેટલી સંપત્તિ છે, એટલી કદાચ કોઈનીય પાસે નહીં હોય.' ગુરુકુળના સંચાલકના પગ નીચેથી ધરતી ખસવા લાગી. એમણે પૂછ્યું, 'તમારી પાસે આટલી બધી સંપત્તિ છે, તો પછી મને બતાવોને ?'

શિક્ષિકાએ પોતાના બંને પુત્રોને બોલાવ્યા. બંનેએ આવીને માતાના ચરણસ્પર્શ કર્યા અને પછી આગંતુક અતિથિના ચરણસ્પર્શ કર્યા. ત્યારબાદ બે હાથ જોડીને નમ્રભાવે માતાને કહ્યું, 'માતા, કહો, અમારું શું કામ છે ?'

સંચાલક તો આ બંને બાળકોનાં વિનય અને સંસ્કારિતા જોઈને સ્તબ્ધ થઈ ગયા. ત્યારે શિક્ષિકાએ કહ્યું, 'જુઓ, આ બે છે મારી સંપત્તિ.'

સંચાલકે પણ અભિભૂત થઈને કહ્યું, 'સાવ સાચી વાત છે તમારી. હકીકતમાં જેમના પુત્રો સંસ્કારી અને ગુણવાન છે, તેઓ ક્યારેય ગરીબ હોતા નથી.'

શિક્ષિકાએ સંચાલકને કહ્યું, 'આપ જે રકમ મારાં બાળકોના શિક્ષણ માટે આપવા આવ્યા હતા, તે હવે અનાથ બાળકોના શિક્ષણ માટે ગુરુકુળને આપો, તેવી મારી વિનંતી છે.' અને સંચાલકે એમ જ કર્યું.

# ૭. દુઃખ અને સુખ વચ્ચેનો ભેદ કેટલો ?

એક જ આશ્રમમાં ઈશ્વરની આરાધનામાં નિમગ્ન બે સંતો વચ્ચે આભ-પાતાળનું અંતર હતું. એક સંત સદાય હસતા, ગાતા અને પ્રસન્નતાથી છલકતા હતા, તો બીજા સંતનો ચહેરો ચિંતાના ભારથી નમેલો, દુઃખની રેખાઓથી ભરેલો અને ઉદાસીન લાગતો હતો.

આશ્રમના મુલાકાતીઓને પારાવાર આશ્ચર્ય થતું કે આવો સામસામેના છેડનો વિરોધાભાસ કેમ ? બંનેની આરાધના સરખી, છતાં એમની વચ્ચે આટલો બધો ભેદ કેમ? ધીરે ધીરે આગંતુકો પણ દુઃખી સંતની અવજ્ઞા કરવા લાગ્યા અને સુખી સંતને મળવા લાગ્યા.

દુઃખી સંતે તપાસ કરી, તો ખબર પડી કે લોકો એમને 'સંત' નહીં, પણ 'દુઃખી સંત' તરીકે જ ઓળખતા હતા, આથી અકળાઈને એણે ગુરુને પ્રશ્ન કર્યો, 'ગુરુજી, મારું નામ તો સાત્ત્વિક હતું, પરંતુ લોકો મારા ચહેરા પરના અતિ દુઃખના ભાવ જોઈને મને 'દુઃખી સંત' તરીકે બોલાવે છે. આવું કેમ ?'

આ સાંભળી બાજુમાં બેઠેલા સુખી સંતે કહ્યું, 'પહેલાં મારું નામ પણ સત્ગુણ હતું, પરંતુ લોકો મારા ચહેરા પરની પ્રસન્નતા જોઈને મને 'સુખી સંત' તરીકે ઓળખે છે.'

વળી દુઃખી સંત બોલ્યા, 'અમારા બંનેની ધાર્મિક ક્રિયાઓ અને આરાધના સમાન છે. દિનચર્યા પણ સમાન છે, પણ કોણ જાણે કેમ હું સતત દુઃખી રહું છું અને આ સુખી સદા ખુશ રહે છે.'

બંનેની વાત સાંભળીને ગુરુએ હસતાં હસતાં કહ્યું, 'તમે ભલે એકસમાન ધર્મઆરાધના કરતા હો, કિંતુ પ્રત્યેક ભાવની તમારી અનુભૂતિ ભિન્ન હોય છે. એ અનુભૂતિની પ્રતિક્રિયા પણ જુદી જુદી હોય છે. જે વ્યક્તિ પોતાની સમસ્યા અને દુઃખનો સામનો સ્વસ્થ અને નિશ્ચલ મનથી કરે છે, એનું મન સદૈવ પ્રસન્ન રહે છે. એ જાણે છે કે એની આંતરિક શક્તિઓ એટલી પ્રબળ છે કે ગમે તેવી વિકટ કે વિપરીત સમસ્યા એને કશું કરી શકશે નહીં. આવે સમયે જો વ્યક્તિનો વિશ્વાસ ડગમગવા માંડે, તો એ દુઃખી થઈ જાય છે. દૃઢ આત્મવિશ્વાસ એ પ્રત્યેક પરિસ્થિતિને સુખપૂર્ણ બનાવે છે.'

# ૮. ભેટ હતી, તે તો ભાગી ગઈ !

મિસરના મશહૂર સંત જુન્નૂન સમક્ષ સંત યુસુફ હુસૈને દીક્ષા લેવાની પોતાની પ્રબળ ઇચ્છા પ્રગટ કરી. એ જમાનામાં જ્ઞાની પુરુષો સંત જુન્નૂન પાસે દીક્ષા ગ્રહણ કરીને પરમજ્ઞાન પ્રાપ્ત કરતા હતા. આવું પરમજ્ઞાન મેળવવાની ઇચ્છાથી સંત યુસુફ હુસૈન ગુરુ જુન્નૂન પાસે આવ્યા અને કહ્યું, 'આપ પરમ જ્ઞાની છો અને હું એ જ્ઞાન પ્રાપ્ત કરવા અતિ ઉત્સુક છું. આપની પાસે દીક્ષા લેવા ચાહું છું.'

સંત જુન્નૂને કહ્યું, 'દીક્ષા આપતાં પૂર્વે તારે મારું એક કાર્ય કરવું પડશે. નાઈલ નદીના કિનારે મારા એક સંત-મિત્ર નિવાસ કરે છે. મારી આ પેટી એને હાથોહાથ પહોંચાડવી પડશે.'

સંત યુસુફ તો પેટી લઈને નીકળ્યા. લાંબો રસ્તો પસાર કરવાનો હતો. વારંવાર એની નજર પેટી પર પડતી અને વિચારતા હતા કે સંત જુન્નૂને આ પેટીમાં એવું તે શું મૂક્યું હશે ? શા માટે મને રૂબરૂ આપવા મોકલ્યો ? એક સંત બીજા સંતને કેવી ભેટ આપતા હશે ? આવા કેટલાય વિચારો મગજમાં ઘુમરાવા લાગ્યા.

ગુરુએ પેટી ખોલવાની અનુમતિ આપી નહીં હોવાથી તીવ્ર ઉત્કંઠા જાગતી હોવા છતાં મનને રોકી રાખતો હતો. પરંતુ પછી તો દિવસે રસ્તામાં અને રાત્રે સ્વપ્નામાં સંત યુસુફને માટે પેટી પ્રશ્નાર્થ બની ગઈ. એણે આજે ગુરુની આજ્ઞા ઉવેખીને રહસ્ય ખોલવાનો પ્રયાસ કર્યો.

એણે જેવી પેટી ખોલી કે એમાંથી એક ઉંદર નીકળીને બહાર ભાગવા માંડ્યો. યુસુફ એની પાછળ દોડ્યો, પરંતુ ક્યાંથી હાથ લાગે ? પેટીમાં ઉંદર સિવાય બીજું કશું ન હતું.

યુસુફે વિચાર્યું કે હવે સંત જુન્નૂનના મિત્ર એવા સંત પાસે જવાનો અર્થ પણ શું ? ભેટ હતી, એ તો ભાગી ગઈ. આથી નિરાશ યુસુફ સંત જુન્નૂન પાસે પાછો ગયો અને એણે બનેલી ઘટનાનું બયાન કર્યું.

સંત જુન્નૂન થોડી વાર તો શાંત રહ્યા, પછી સહજતાથી કહ્યું, 'જે વ્યક્તિ એક ઉંદરને સંભાળીને પહોંચાડી શકતી નથી, એ પરમ જ્ઞાનને કઈ રીતે પ્રાપ્ત કરી શકે ? આથી તમે પાછા જાવ અને પહેલાં આત્મસંયમનો અભ્યાસ કરો. આત્મસંયમ એ તો પરમ જ્ઞાનનું પ્રવેશદ્વાર છે, પછી બીજી બધી વાત.'

# ૯. તમે શ્રવણ કર્યું, એણે આચરણ કર્યું !

લાંબો વિહાર કરીને નગરમાં પધારેલા ભગવાન બુદ્ધે જોયું તો એમની સભાનું આયોજન કરનાર એમનો પરમ ભક્ત એવો ખેડૂત ક્યાંય દેખાય નહીં ! ગ્રામજનો  ભગવાન બુદ્ધનું પ્રવચન સાંભળવા માટે એકત્રિત થયા હતા, પરંતુ એમનો આ પરમ ભક્ત અને સભાનો યોજક 'અદૃશ્ય' થઈ ગયો હોવાથી અંદરોઅંદર ગુસપુસ ચાલી રહી હતી. કોઈએ કહ્યું, 'આ તે કેવો ભક્ત, કે જે રોજ ભગવાન બુદ્ધની માળા જપે અને તેઓ સ્વયં આવે, ત્યારે સભાનું આયોજન કરીને ક્યાંક ગાયબ થઈ જાય !' તો વળી કોઈએ કહ્યું, 'યોજક દુર્લભ છે એમ કહેવાય છે, પરંતુ અહીં તો સભાનો યોજક જ અદૃશ્ય છે.'

ભગવાન બુદ્ધ સભામાં આવ્યા અને એમણે પ્રવચન શરૂ કર્યું. સહુની અપેક્ષા હતી કે ભગવાન એમના ખેડૂત ભક્ત વિશે થોડી ટીકા-ટિપ્પણ કરે. કહે કે આ તે કેવો માનવી કે જેની બેદરકારીનો જોટો જગતમાં જડવો મુશ્કેલ છે, પરંતુ ભગવાન બુદ્ધ એ વિશે એક શબ્દ પણ બોલ્યા નહીં.

પ્રવચન પૂર્ણ થયા બાદ થોડ સમય પછી પેલો યોજક હાંફતો હાંફતો આવ્યો. ભગવાન બુદ્ધે પૂછ્યું, 'સભામાં કેમ તમે નજરે પડ્યા નહીં ? તમારી અનુપસ્થિતિની સહુ કોઈ નોંધ લેતા હતા.'

ખેડૂત ભક્તે કહ્યું, 'પ્રભુ, ખેતી એ મારો વ્યવસાય છે અને બળદ એ મારા સાથી છે. આપના પ્રવચનનું સઘળું આયોજન થઈ ગયું હતું. એવામાં મને જાણ થઈ કે મારો બળદ એકાએક ખૂબ બીમાર પડી ગયો છે. મનમાં વિચાર પણ જાગ્યો કે શું કરું? દ્વિધા પણ થઈ. વિચાર્યું કે પ્રવચન તો પછીય સાંભળવા મળશે, પણ બળદને કંઈ થશે, તો જીવતો કરી શકીશ નહીં. એની વેદનાનો પણ વિચાર આવ્યો. આથી નક્કી કર્યું કે મારે એ બળદના પ્રાણ બચાવવા માટે એને તત્કાળ પશુચિકિત્સક પાસે લઈ જવો જોઈએ. હું બળદને લઈને પશુચિકિત્સક પાસે ગયો. એની સારવાર કરાવી. એમાં ઘણો સમય વીતી ગયો, તેથી સભામાં આવી શક્યો નહીં.'

ભગવાન બુદ્ધે કહ્યું, 'મને આનંદ છે કે તમે આવી પરિસ્થિતિમાં કામની અગત્યતા સમજી શક્યા. તમારી સમજ અને વિવેક જોઈને આનંદિત થયો છું.'

બીજે દિવસે સવારે ભગવાન બુદ્ધની વિદાય વેળાએ ગ્રામજનો આવ્યા અને પેલા 'અદૃશ્ય' ખેડૂત ભક્તની ટીકા કરવા લાગ્યા, ત્યારે ભગવાન બુદ્ધે એમને આખી ઘટના વર્ણવીને કહ્યું, 'તમે ઉપદેશનું શ્રવણ કર્યું, પણ એણે તો આચરણ કર્યું. એ કર્મના મહત્ત્વને અને એની યથાર્થતાને સર્વથા ઉચિત રીતે સમજ્યો છે.'

## ૧૦. દુનિયામાં પ્રાપ્તિ એ જ સંપત્તિ નથી !

બાદશાહ સિકંદર લોદીના શાસન સમયે જૈનુદ્દીન નામના પ્રસિદ્ધ સંત થયા. આ સંતનો અત્યંત વિશાળ મઠ હતો અને એ અનુયાયીઓ અને ભક્તોથી ખીચોખીચ ભરેલો રહેતો હતો. તેઓ ગરીબોને મોકળે મને અને છૂટે હાથે મદદ કરતા અને મઠમાં આવનારો ગરીબ માનવી ભોજન અને મદદ બંને પામતોહતો.

ઉદારચરિત સંતને કારણે એક સમય એવો આવ્યો કે મઠમાં કોઈ સંપત્તિ રહી નહીં. ઘણા અનુયાયીઓ પણ ચાલ્યા ગયા. એક દિવસ આ સંતે મઠમાં રાખેલા કેટલાક દસ્તાવેજો બહાર કાઢ્યા અને શિષ્યને બાળી નાખવાનું કહ્યું. એમના શિષ્યેએ આ દસ્તાવેજો જોયા અને બોલી ઊઠ્યો, 'અરે, આ દસ્તાવેજોમાં તો શહેરના નાગરિકોને સંતે કરેલી મદદની વિગત છે. એમાં કેટલાક શ્રેષ્ઠીનાં પણ નામ છે, તો શા માટે આ દસ્તાવેજો બાળી નાખવા ? એને બદલે એમાં લખેલી રકમ વસૂલ કરીશું, તો આપણો મઠ ધન-ધાન્યથી ભરપૂર થઈ જશે.'

સંત જૈનુદ્દીને ઉત્તર આપ્યો, 'મઠ જ્યારે ધન-ધાન્યથી ભરપૂર હતો, ત્યારે પણ મેં વિચાર્યું નહોતું કે આ ધન હું પાછું મેળવીશ. પાછું મેળવવા માટે મેં ધન આપ્યું નહોતું, બલ્કે લોકોનો વિશ્વાસ જાળવી રાખવા અને શાસનની જરૂરિયાત પૂરી કરવા માટે આ દસ્તાવેજો રાખ્યા હતા. બાકી એમાં આપેલી રકમ પાછી મેળવવાનું મેં પહેલાં પણ વિચાર્યું નહોતું અને અત્યારે પણ વિચારતો નથી.'

'અત્યારે આવી કપરી પરિસ્થિતિમાં કેમ વિચારતા નથી?' અનુયાયીએ પૂછ્યું.

'જેનો ત્યાગ કર્યો તેનો વિચાર ન હોય, જો ત્યાગની ગણતરી કરીએ તો ત્યાગનો રાગ ઊભો થાય. એનો અર્થ એ થાય કે તમે ત્યાગ કર્યો પણ લેવા માટે. કશું આપવા માટે નહીં.'

'એ તો ઠીક, પણ તમે શા માટે અત્યારે આ દસ્તાવેજો બાળી નાખવાનું કહો છો?'

'એનું કારણ એટલું જ કે હવે મઠ ગરીબ થઈ ગયો છે. આવી સ્થિતિમાં કદાચ મનમાં એવી લાલચ જાગે કે આપેલી રકમ પાછી મેળવી લઉં. જેવું તને મન થયું. આથી આ દસ્તાવેજોને બાળીને હું લાલચની તમામ સંભાવનાઓ ભસ્મીભૂત કરવા માગું છું. બીજી રીતે કહું તો મારા આનંદને જાળવી રાખવા ચાહું છું.'

શિષ્યે પૂછ્યું, 'એ કઈ રીતે ? આવો ત્યાગ તો આનંદ ઓછો કરે.'

સંતે ઉત્તર આપ્યો, 'પરહિતને માટે ધનસંપત્તિનો ત્યાગ કરીએ, ત્યારે હૃદયમાં આનંદની ભરતી આવે છે. દુનિયામાં પ્રાપ્તિ એ સંપત્તિ નથી, પણ ત્યાગ એ સંપત્તિ છે. સાર્થક કાર્યોમાં વપરાયેલી સંપત્તિ એ જ આપણી સેવા છે. જો એ સંપત્તિને એકઠી કરીએ તો એનું આકર્ષણ જાગે અને આપણે એના ચાકર બની જઈએ.'

# ૧૧. ગંગા પાર કરવા રેતીનો પુલ બનાવું છું !

ઋષિ ભારદ્વાજના પુત્ર યવક્રીતને વિચાર આવ્યો કે એના જેવો જ્ઞાની જો કઠોર તપશ્ચર્યા કરીને તપપ્રભાવથી સર્વજ્ઞ બની જાય, તો સમગ્ર વિશ્વમાં એની ખ્યાતિ પ્રસરી રહે. પછી તો એના જ્ઞાનની આગળ ભલભલા પંડિતો નમી પડે અને ચક્રવર્તીઓ એને અતિ આદર આપવા લાગે. આથી એણે કઠોર તપશ્ચર્યા કરવાનો પ્રારંભ કર્યો, ત્યારે એના શુભચિંતકે એને અટકાવતાં કહ્યું, 'અરે યવક્રીત! આટલી બધી કઠોર તપશ્ચર્યા કરીને તારા શરીરને કેમ પારાવાર પીડ પહોંચાડે છે?'

યવક્રીતે કહ્યું, 'આશ્રામમાં સામાન્ય જ્ઞાન તો સંપાદિત કર્યું, પરંતુ હવે મારે તમામ શાસ્ત્રગ્રંથોનું જ્ઞાન પ્રાપ્ત કરવું છે. કઠોર તપશ્ચર્યા દ્વારા વેદ, ઉપનિષદ અને જગતના તમામ વિષયોનું જ્ઞાન મને તપોબળથી સુલભ રીતે પ્રાપ્ત થઈ જશે. આ તપનું ફળ મળતાં જ હું સર્વજ્ઞાની બની જઈશ.'

શુભચિંતકે કહ્યું, 'મિત્ર, જ્ઞાન માટે તો ગુરુની જરૂર છે. સતત સ્વાધ્યાય કરવો પડે. વળી ચિંતન અને મનનની પણ આવશ્યકતા રહે.'

આ સાંભળીને યવક્રીત ખડખડાટ હસી પડ્યો, ત્યારે શુભચિંતકે સલાહ આપી : 'કોઈ જ્ઞાની આચાર્યનાં ચરણોમાં બેસીને અધ્યયન કર. પરિશ્રમથી પ્રાપ્ત થયેલું જ્ઞાન જ ફળદાયી હોય છે.'

યવક્રીતે શુભચિંતકની સલાહ કાને ધરી નહીં અને તપશ્ચર્યામાં લીન બની ગયો. એક દિવસ યવક્રીત સ્નાનાર્થે ગંગાઘાટ તરફ જતો હતો, ત્યારે એણે જોયું તો એક વૃદ્ધ પુરુષ મુઠ્ઠીમાં રેતી લઈને વહેતી ગંગામાં નાખતો હતો. એની આવી ક્રિયા જોઈને યવક્રીતને પારાવાર આશ્ચર્ય થયું એટલે એણે પૂછ્યું, ત્યારે વૃદ્ધે જવાબ આપ્યો, 'આ વૃદ્ધાવસ્થાને કારણે હવે હું તરીને ગંગા પાર કરી શકું તેમ નથી, માટે હું રેતીનો પુલ તૈયાર કરું છું, જેના પરથી ચાલીને હું ગંગા પાર કરીશ.'

યવક્રીત ખડખડટ હસી પડ્યો અને બોલ્યો, 'તમે આટલી મોટી ઉંમરે આવી વ્યર્થ મહેનત શા માટે કરો છો? ગંગાના ધસમસતા પ્રવાહમાં એક મૂઠી ધૂળ નાખીને પુલનું નિર્માણ કરવાની વાત જ મૂર્ખતાપૂર્ણ અને હાસ્યાસ્પદ છે.'

વૃદ્ધે હસીને કહ્યું, 'જો ગુરુગમ અને સ્વાધ્યાય વિના માત્ર કઠોર તપશ્ચર્યાથી સમગ્ર શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો તારો યત્ન સફળ થાય, તો આ પણ સંભવ છે ને!'

યવક્રીત વૃદ્ધની વાતનો મર્મ પામી ગયો. એ કઠોર તપશ્ચર્યા છોડીને ગુરુચરણે બેસી શાસ્ત્રાભ્યાસ કરવા લાગ્યો.

# ૧૨. આવો ત્યારે ખાલી હાથે આવજો !

રાજા માનસિંહને વિચાર આવ્યો કે સંત પ્રકૃતિના કવિ કુંભનદાસનાં દર્શને જાઉં. વેશપલટો કરીને રાજા માનસિંહ કુંભનદાસના ઘેર પહોંચ્યા. એમણે જોયું તો કવિ કુંભનદાસ પોતાની પુત્રીને કહેતા હતા કે, 'દીકરી, જરા અરીસો લાવ, મારે કપાળે તિલક કરવું છે.'

કવિ કુંભનદાસની પુત્રી અરીસો લઈને આવી, પરંતુ એના હાથમાંથી અરીસો પડી જતાં એના ટુકડેટુકડા થઈ ગયા. કુંભનદાસે શાંતિથી કહ્યું, 'કશો વાંધો નહીં. એક વાસણમાં પાણી ભરીને લાવ. એમાં પ્રતિબિંબ નિહાળીને હું તિલક કરીશ.'

ઘરમાં પડેલા ફૂટેલા ઘડામાં પાણી લઈને દીકરી આવી અને કુંભનદાસે પ્રસન્નતાપૂર્વક કપાળે તિલક કર્યું.

રાજા માનસિંહ આ દૃશ્ય નિહાળી રહ્યા. એમને થયું કે સારું થયું કે તેઓ વેશપલટો કરીને આવ્યા અને કવિની નિર્ધનતા પ્રત્યક્ષ રૂપે જોવા મળી. બીજે દિવસે રાજા માનસિંહ સુવર્ણજડિત દર્પણ લઈને કવિની પાસે પહોંચ્યા અને બોલ્યા, 'કવિરાજ, મારી આ તુચ્છ ભેટનો તમે કૃપા કરી સ્વીકાર કરો.'

કવિ કુંભનદાસે કહ્યું, 'અરે મહારાજ ! આપ, ખેર ! ગઈ કાલે તમે જ વેશ બદલીને મળવા આવ્યા હતા ને ! તમને મળીને અત્યંત આનંદ થયો, પરંતુ સાથોસાથ એક મારી વિનંતીનો આપ સ્વીકાર કરો.'

રાજા માનસિંહે કહ્યું, 'તમારે તે કોઈ વિનંતી કરવાની હોય. તમે માગો તે અબઘડી હાજર કરી દઈશ. કહો.' સંત કુંભનદાસે કહ્યું, 'આપનું મારા ઘરમાં સદાય ભાવભીનું સ્વાગત છે, પરંતુ વિનંતી એટલી કે આવો ત્યારે મહેરબાની કરીને ખાલી હાથે આવજો. જો આવી કોઈ ને કોઈ ભેટ આપ લઈને આવશો, તો મારું ઘર નકામી ચીજ-વસ્તુઓથી ભરાઈ જશે. મને તો માતા સરસ્વતીની કૃપા સિવાય અન્ય કશું ખપતુંનથી.'

રાજા માનસિંહ આશ્ચર્ય પામ્યા. એમણે જોયું કે કવિ કુંભનદાસની નિર્ધનતા એ એમની વિવશતા નહોતી, પરંતુ એમને આવા જીવનથી પૂર્ણ સંતોષ હતો. એ મોહ અને માયાથી અળગા થઈ ગયા હતા. કવિની નિઃસ્પૃહવૃત્તિ જોઈને રાજા માનસિંહના હૃદયમાં એમના પ્રત્યે અગાધ આદર જાગ્યો.

## ૧૩. બધાંને સ્વર્ગ મળે, તો હું નરકમાં જવા તૈયાર છું.

વેદાંતમાં વિશિષ્ટાદ્વૈતના સ્થાપક અને વૈષ્ણવ સંપ્રદાયના મહાન આચાર્ય શ્રી રામાનુજાચાર્ય મીમાંસાદિ શાસ્ત્રોનું શિક્ષણ મેળવવા માટે જ્ઞાની ગુરુ પાસે ગયા. ગુરુએ એમના આ પ્રિય શિષ્ય રામાનુજને અનેક શાસ્ત્રોનું અધ્યયન કરાવ્યું. અધ્યયન પૂર્ણ થતાં ગુરુએ કહ્યું, 'હે શિષ્ય, હું તને એક મંત્રદીક્ષા આપું છું. એ મંત્રના શ્રાવણથી સ્વર્ગલોકની પ્રાપ્તિ થશે, કિંતુ શરત એટલી કે આ મંત્ર કદી કોઈ અયોગ્ય વ્યક્તિના કાને પડે નહીં.' રામાનુજે ગુરુની આજ્ઞા શિરોધાર્ય કરીને મંત્રશ્રવણ કર્યું. સ્વર્ગલોકની પ્રાપ્તિ થાય એવા આ મંત્રની શક્તિ વિશે તેઓ વિચારવા લાગ્યા. એમના કરુણાર્દ્ર હૃદયને થયું કે જો આ મંત્રના શ્રવણથી સ્વર્ગની પ્રાપ્તિ થતી હોય, તો હું એકલો જ એ મંત્ર પામીને સ્વર્ગ મેળવું અને અન્ય સહુ કોઈ વંચિત રહે, તે યોગ્ય ન કહેવાય.

આ વિશે લાંબો વિચાર કર્યા બાદ રામાનુજે નક્કી કર્યું કે આ તો નરી સ્વાર્થભાવના કહેવાય. આમાં ક્યાંય પરમાર્થ નથી. મારે તો મનુષ્યમાત્રનું કલ્યાણ કરવું છે. મારે એકલાએ સ્વર્ગપ્રાપ્તિ કરવી નથી. આથી એણે આ મંત્રનો સર્વજનહિતાય ઉપયોગ કરવાનો નિરધાર કર્યો. આને માટે ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું. એમણે આસપાસના પ્રદેશમાં આનો મંત્રજાપ કરાવવાનું શરૂ કર્યું. લોકો સ્વર્ગપ્રાપ્તિના આ મંત્રનો જાપ કરવા લાગ્યા અને રામાનુજના હૃદયને આનંદ થયો. એમના ગુરુને આ વાતની જાણ થઈ, ત્યારે એ અત્યંત ક્રોધિત થયા અને એના પર પારાવાર ગુસ્સો કર્યો. ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારની કેવી અવદશા થાય છે, એનો સ્પષ્ટ ખ્યાલ આપ્યો. રામાનુજે વિનયપૂર્વક ગુરુને શાંત કરતાં કહ્યું,

'ગુરુદેવ, આ મંત્રનો જાપ કરીને બધા જ સ્વર્ગ પામશે. માત્ર આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા માટે મને સ્વર્ગ સાંપડશે નહીં, ખરું ને !'

ગુરુએ કહ્યું, 'હા. તારી દુર્મતિને કારણે તારી અધમ ગતિ થશે.'

રામાનુજે કહ્યું, 'પણ ગુરુદેવ, જો મારા નરકમાં જવાથી બધાને સ્વર્ગ મળતું હોય, તો એમાં મને કોઈ નુકસાન નથી, માત્ર લાભ ને લાભ જ છે.' ગુરુ શિષ્યના હૃદયની વ્યાપક ભાવના જોઈને પ્રસન્ન થયા અને એને ભેટી પડતાં કહ્યું, 'પ્રિય શિષ્ય, તેં મારી આંખો ખોલી નાખી છે.તું કઈ રીતે નરક ગતિ પામે ? સર્વના કલ્યાણનો વિચાર કરનાર તો સદા સ્વર્ગ' અને સુખ જ પામે. તું સાચા અર્થમાં આચાર્ય છે.'

## ૧૪. નાશવંત હોય, તે અદ્‌ભુત કઈ રીતે ?

એક રાજાએ ભવ્ય, સુંદર અને વૈભવશાળી મહેલ બનાવ્યો અને પછી એ ખુદ મહેલની ભવ્યતાના મોહમાં ડૂબી ગયો ! દિવસ આખો મહેલનો વૈભવ નિહાળવામાં વ્યતીત કરે. પરદેશી રાજવી હોય કે પોતાનો સેનાપતિ હોય, એ સહુની સમક્ષ રાજમહેલની ભરપૂર પ્રશંસા કરે. રાજાને રાત્રે સ્વપ્નમાં પણ આ મહેલ જ દેખાય. આ વિરાટ મહેલના અદ્‌ભુત નકશીકામ અને એની સુંદરતામાં ડૂબેલા રાજાએ સમય જતાં રાજના કલ્યાણમાં રસ લેવાનું ઓછું કર્યું. પ્રજા પણ રાજાની આવી આસક્તિ જોઈને ચિંતાતુર બની હતી.

એક દિવસ મહેલમાં સંન્યાસી પધાર્યા અને રાજાએ એમનો આદર-સત્કાર કરીને સામે ચાલીને પોતાનો મહેલ બતાવ્યો. એની વિશેષતાનું વિસ્તૃત વર્ણન કર્યું, એની અદ્‌ભુત ભવ્યતાની ઝાંખી આપી, એના નકશીકામનાં સ્વયં વખાણ કર્યાં. એ પછી રાજાએ સંન્યાસીને પૂછ્યું, ‘કેટલાય રાજવીઓએ એમના મહેલમાં આપનો આદર-સત્કાર કર્યો હશે, પણ આપે આવો અદ્‌ભુત મહેલ જોયો છે ખરો ?’

સંન્યાસીએ રાજાના મનની વાત પારખી લઈને હસતાં હસતાં કહ્યું, ‘હા, એવું બની શકે કે પૂર્વે મેં આવો અદ્‌ભુત મહેલ જોયો ન હોય, પરંતુ આને પણ હું અદ્‌ભુત તો કઈ રીતે કહી શકું? આમાં પણ મને બે મોટી ખામીઓ દેખાય છે.’

રાજાએ આશ્ચર્ય પામીને વળતો પ્રશ્ન કર્યો, ‘ખામી ? અરે! જેની ખૂબીઓ વર્ણવતાં જીભ થાકતી નથી, એમાં આપને ખામી દેખાય છે ? કઈ ખામી છે આમાં ?’

સંન્યાસીએ કહ્યું, ‘પહેલી ખામી તો એ છે કે આ મહેલ ગમે તેટલો ભવ્ય અને વૈભવશાળી હોય, તોપણ અંતે તો નષ્ટ થવાનો જ. ક્યાં કોઈ રાજાના મહેલ ચિરકાળ સુધી ટક્યા છે ?’

‘અને બીજી ખામી ?’

‘બીજી ખામી એ કે એમાં રહેતા રાજાનો પણ એક દિવસ અંત આવવાનો. જો આવું હોય તો આ મહેલને

અદ્ભુત કઈ રીતે કહી શકાય? નાશવંત હોય, એની કેટલી નામના થઈ શકે?'

'તો પછી અદ્ભુત શું કહેવાય ?' રાજાએ જિજ્ઞાસાથીપૂછ્યું.

'અદ્ભુત છે માનવીનાં સદ્કર્મ. માનવી ન હોય, તોપણ એનાં સદ્કાર્ય જીવતાં રહે છે. સત્કર્મ એ જ શાશ્વત ટકનારાં છે.'

સંન્યાસીની વાત સાંભળી રાજા વિચારમાં પડ્યો. એને થયું કે સંન્યાસીએ મારી આંખો ખોલી દીધી. આજ સુધી હું આ નિર્જીવ મહેલની સુંદરતામાં રાતદિવસ વ્યતીત કરતો હતો, પરંતુ ખરેખર તો મારે સદ્કર્મોનો અને પ્રજાકલ્યાણનો વિચાર કરવો જોઈએ. હવે એ મહેલને ભૂલીને માનવતાનાં કાર્યો કરવા લાગ્યો.

## ૧૫. જીવનના પ્રશ્નોનો ઉત્તર જાણવાથી નહીં, પણ જીવન જીવવાથી મળશે !

મંત્રદ્રષ્ટા અને તંત્રવિદ એવા અગસ્ત્ય ઋષિએ દ્રવિડ ભાષામાં ઘણા ગ્રંથોની રચના કરી. વળી નૌકાશાસ્ત્રની રચના કરીને સૌપ્રથમ હોડીની શોધ કરી છે. સમુદ્રનું પાન કરનારા ગુરુ અગત્સ્યના આશ્રામમાં એક રાજકુમાર શિક્ષણ લેવાને માટે આવ્યો. એના મનમાં રાજકુમાર હોવાનો ગર્વ હતો અને તેથી એણે ગુરુની પરીક્ષા કરતાં કહ્યું, ‘જો આપ મને મારા ત્રણ પ્રશ્નનો સાચો ઉત્તર આપશો, તો હું આપનો શિષ્ય બનીશ. આપ નિરુત્તર રહેશો, તો આપને કોઈ કાળે ગુરુ તરીકે સ્વીકારવા તૈયાર થઈશ નહીં.’

રાજકુમારની આ વાત સાંભળીને ઋષિ અગસ્ત્યના આશ્રમના શિષ્યો અકળાઈ ઊઠ્યા. કોઈકને ક્રોધ પણ ચડ્યો અને કોઈએ એના અહંકાર પર ફિટકાર વરસાવ્યો. ‘ઋગ્વેદ’નાં ઘણાં સૂક્તોના દ્રષ્ટા વિશે કોઈ આવું કહે, તે કઈ રીતે સહન થાય ? પણ અગસ્ત્ય ઋષિએ ખૂબ શાંતિથી કહ્યું, ‘વત્સ, તારી વાતનો સ્વીકાર. કહે, તારો સવાલ શું છે ?’

રાજકુમારે કહ્યું, ‘તમે આટલું દીર્ઘ જીવન જીવ્યા છો, તો મનુષ્યજીવનનો ઉદ્દેશ જણાવો.’

ગુરુ અગસ્ત્ય નિરુત્તર રહ્યા એટલે રાજકુમારે બીજો પ્રશ્ન કર્યો. ‘ખેર, મારો બીજો સવાલ એ છે કે આ જીવનનો અર્થ શું છે?’

ગુરુ અગસ્ત્યે ઉત્તર આપ્યો નહીં. શિષ્યોને પણ પારાવાર આશ્ચર્ય થયું કે હયગ્રીવતાર ભગવાન વિષ્ણુનાં દર્શન કરી જનસમાજના અજ્ઞાનને દૂર કરનાર ઋષિ અગસ્ત્ય કેમ આનો કોઈ ઉત્તર આપતા નથી ?

રાજકુમારે ત્રીજો અને છેલ્લો પ્રશ્ન પૂછતાં કહ્યું, ‘જો આ પ્રશ્નનો ઉત્તર તમને નહીં આવડે તો તમારો ગુરુ તરીકે સ્વીકાર નહીં કરું. મારો પ્રશ્ન એ છે કે મૃત્યુ શું છે અને મૃત્યુ પછીનું જીવન શું છે ?’

ગુરુ અગસ્ત્યે નમ્રતાથી કહ્યું, 'વત્સ, તારા પ્રશ્નોનો ઉત્તર આપી શકું એવી મારી ક્ષમતા નથી.'

આ સાંભળી અકળાયેલા રાજકુમારે કહ્યું, 'જો આ પ્રશ્નનો ઉત્તર જાણતા નથી, તો ગુરુ બનીને શા માટે બેઠા છો ? હું કદી તમારો શિષ્ય બનવાનો વિચાર કરીશ નહીં.'

આમ કહી ગુસ્સાભેર અહંકારી રાજકુમાર ચાલ્યો ગયો, ત્યારે ગુરુ અગસ્ત્યના શિષ્યોને આશ્ચર્ય થયું. આવા જ્ઞાની, ધ્યાની અને દ્રષ્ટા ગુરુએ સીધા, સાદા, સામાન્ય પ્રશ્નોનો ઉત્તર કેમ ન આપ્યો ?

શિષ્યોએ ગુરુને પૂછ્યું, ત્યારે ગુરુ અગસ્ત્યે કહ્યું, 'જેને જીવવાની શરૂઆત જ કરી નથી, એ આ બધા પ્રશ્નોનો ઉત્તર સાંભળીને શું કરશે ? જીવનનો ઉદ્દેશ કે અર્થ જાણવા માટે એ રીતે જીવવું જરૂરી છે, માત્ર જાણવું નહીં. બીજા લોકોને જીવતા જોઈને તમે જીવનનો ઉદ્દેશ મેળવી શકો નહીં. એને માટે તો તમારે સ્વયં જીવવું પડે. જાતે જીવીને જુઓ, તો જ જીવનના પ્રશ્નોનો ઉત્તર મળે.'

# ૧૬. પાણી મળશે પણ રક્ત ક્યાંથી લાવશો ?

ગ્રીષ્મ ઋતુમાં પોતાના ભિખ્ખુઓ સાથે વિહાર કરતા ભગવાન બુદ્ધ એક નદીના કિનારા પાસેથી પસાર થતા હતા, ત્યારે એમણે એકબીજા સામે લાઠીઓ ઉગામીને લડવા તત્પર બે જૂથોને જોયાં. આ બે જૂથ સામસામે હાથ ઉછાળીને કે મુઠ્ઠીઓ ઉગામીને એકબીજાને લડવા માટે પડકાર આપતા હતા. કોઈના હાથમાં લાઠી હતી, તો કોઈના પાસે અણિયાળી ડાંગ હતી.

ભગવાન બુદ્ધ થોભી ગયા અને એમણે બંને જૂથના લોકોને શાંત કરતાં એમની સમસ્યા પૂછી. એક જૂથવાળાએ કહ્યું, 'નદીના બંને છેડે આવેલા શહેરમાં અમે સહુ શાંતિથી રહેતા હતા. આ નદીમાંથી નહેર કાઢીને એનું પાણી અમારા ખેતરમાં પહોંચાડતા હતા, પરંતુ આ વખતે વરસાદ ઓછો થતાં પાણીની અછત સર્જાઈ અને સામેવાળા નદીનું એ પાણી નવી નહેર કાઢીને એમનાં ખેતરોમાં લઈ જવાની કોશિશ કરે છે.'

બીજા જૂથે કહ્યું, 'પાણી વગર અમારાં ખેતરો પણ સુકાઈ રહ્યાં છે, ખેતર ખેડી નાખ્યું છે, વાવણી પણ કરી દીધી છે, હવે અમારેય પાણીની જરૂર છે.'

ભગવાન બુદ્ધે કહ્યું, 'એટલે આ આખોય કલહ પાણીને કારણે થયો છે. બરાબરને !'

પહેલા જૂથના મુખીએ કહ્યું, 'સાવ સાચી વાત છે આપની. પાણી એ અમારું જીવન જ નથી, બલ્કે એના પર અમારી આજીવિકા અને આખો સંસાર પણ નિર્ભર છે.'

બીજા જૂથના મુખીએ ડાંગ ઉગામતાં કહ્યું, 'જેમ તમારું જીવન છે એમ અમારું પણ જીવન છે, માટે અમે મરી જઈશું પણ તમને નવી નહેર કરવા દઈશું નહીં.'

ભગવાન બુદ્ધે બંને જૂથને પૂછ્યું, 'કહો, પાણીનું મૂલ્ય શું હોય છે ?'

મુખીઓએ જવાબ આપ્યો, 'ભગવાન, પ્રકૃતિના ઉપહાર સમા પાણીનું કોઈ મૂલ્ય હોતું નથી. એ તો વિનામૂલ્યે પ્રાપ્ત થાય છે.'

'તો હવે તમે મને કહો કે માનવીના રક્તનું શું મૂલ્ય હોય છે?'

બંને જૂથના મુખીઓ બોલી ઊઠ્યા, 'ભગવાન ! રક્ત તો અમૂલ્ય છે. એના વિના તો માણસ જીવી શકે નહીં.'

'તો પછી તમે જેનું કોઈ મૂલ્ય નથી એને માટે એકબીજાનું અમૂલ્ય રક્ત વહેવડવવા તૈયાર થયા છો, તે યોગ્ય કહેવાય?'

ભગવાન બુદ્ધની વાત સાંભળીને બંને જૂથ શાંત થઈ ગયાં. રક્તપાત થતો અટકી ગયો. બધા લોકોએ ભેગા મળીને પોતાના ખેતરમાં જ પાણીની કેટલી જરૂરિયાત છે એની ગણતરી કરીને પાણી વાપરવાનો નિર્ણય કર્યો અને પછી તો જ્યારે જ્યારે દુષ્કાળ પડે, ત્યારે પાણીની વહેંચણીની આ પરંપરા નિયમ બની ગઈ.

# ૧૭. ખબર લેવા તો હું ગયો હતો !

વીસમી સદીના પૂર્વાર્ધના ઉર્દૂ ગઝલના અગ્રણી કવિ જિગર મુરાદાબાદીની ગઝલોમાં પ્રણય, ચિંતન અને મનન મળે છે. અભિમાનથી સદા દૂર રહેનારા સત્યના આ ઉપાસક શાયર એમના જીવનમાં ઉદારદિલ અને માનવતાવાદી હતા. કોઈનેય મદદ કરવાની એકેય તક ચૂકતા નહીં. આવા પરગજુ સ્વભાવને કારણે એ ઘણી લોકચાહના અને સમાજમાં ઊંચો આદર મળ્યો હતો.

એક વાર જિગર મુરાદાબાદી એમના મિત્રની સાથે ઘૂમવા નીકળ્યા હતા, ત્યારે એમના મિત્રે જોયું કે સામેથી આવતો માણસ એમનાથી મોં છુપાવવાની કોશિશ કરતો હતો. જિગર મુરાદાબાદીની નજરથી પડે નહીં તે માટે છુપાવવાની કોશિશ કરતો હતો. એને જોઈને કવિમિત્રને આશ્ચર્ય થયું અને એમણે જિગરને પૂછ્યું, 'હજરત, માજરો શું છે ? તમને જોઈને પેલા માણસના ચહેરા પરથી નૂર કેમ ઊડી ગયું ? તમારી નજર ચુકાવવા કેમ કોશિશ કરે છે ? તમને ઓળખતો હોય, તો કેમ સામે આવીને દુઆ-સલામ કરતો નથી ? તમને એનો પરિચય છે ખરો?'

જિગર મુરાદાબાદીએ કહ્યું, 'હા, ખૂબ સારો. એક વાર એણે મારા ખિસ્સામાંથી ઘણી મોટી રકમ ચોરી હતી, એથી એ મારાથી છુપાતો ફરે છે.'

મિત્રને પારાવાર આશ્ચર્ય થયું અને એણે કહ્યું, 'અરે શાયર, તમે કેવા છો ? તમે હુશ્ન અને ઇશ્કની ભલે ખૂબસૂરત શાયરીઓ લખી, પરંતુ આવાને તો પદાર્થપાઠ આપવો જોઈએ. તમને જો આની ખબર હતી, તો તમે મને કેમ કહ્યું નહીં ? હું એને સીધો- દોર કરી દેત.'

જિગર મુરાદાબાદીએ હસીને કહ્યું, 'દોસ્ત, એની ખબર લેવા માટે હું ખુદ એને ઘર ગયો હતો અને ત્યાં મેં જે જોયું, એનું બયાન કરવું મારે માટે મુશ્કેલ છે. શું કહું ? એના ઘરની હાલત બેહદ ખરાબ હતી. એનાં બીબી-બચ્ચાં પાસે ખાવાને માટે કશું નહોતું. હવે તું જ કહે કે હું શું કરું ? હું ચૂપચાપ ઘેર પાછો ફર્યો. આથી એ મારાથી આંખ ચોરવાની કોશિશ કરે છે.'

શાયરની વાત સાંભળીને એમનો મિત્ર એમના દિલની દિલાવરીને નમી પડ્યો.

# ૧૮. મને પાયાના પથ્થર થવું વધુ ગમે છે !

પંડિત જવાહરલાલ પછી ભારતના બીજા વડપ્રધાન બનનારા શ્રી લાલબહાદુર શાસ્ત્રી શાંત છતાં મક્કમ મનોબળ ધરાવતા હતા. દેશસેવાને માટે ભેખ લેનાર લાલબહાદુર શાસ્ત્રીએ ક્યારેય પદની ખેવના કરી નહોતી. સતત પરિશ્રમ અને સમર્પણને કારણે તેઓ ભારતીય રાજકારણમાં આગવી નામના પામ્યા.

૧૯૫૨માં જવાહરલાલ નહેરુના પ્રધાનમંડળમાં લાલબહાદુર શાસ્ત્રી રેલ-મંત્રી બન્યા, પરંતુ રેલવેના અકસ્માતની જવાબદારી પોતે સ્વીકારીને મંત્રીપદેથી રાજીનામું આપી દીધું. ઉચ્ચ સંસદીય પરંપરાનું દૃષ્ટાંત પૂરું પાડ્યું. તેઓ રશિયાના પ્રવાસે ગયા ત્યારે એમની પાસે ઓવરકોટ નહોતો અને અવસાન પામ્યા ત્યારે બૅન્કમાં એમના નામે એક પૈસો નહોતો; એટલું જ નહીં, પણ મોટર લેવા માટે બૅન્ક પાસેથી ઉછીનાં નાણાં લીધાં હતાં, એના હપતા ભરવાના પણ બાકી હતા. કદાચ તેઓ દુનિયાના પહેલા દેવાદાર વડાપ્રધાન હશે !

આવા લાલબહાદુર શાસ્ત્રીને કોઈએ પૂછ્યું કે 'તમે દેશની વિકટ સમસ્યાઓ ઉકેલો છો, છતાં પ્રસિદ્ધિથી દૂર કેમ ભાગો છો? આવું કરવાનું તમારું કારણ શું ?'

લાલબહાદુર શાસ્ત્રીએ કહ્યું, 'પંજાબકેસરી લાલા લજપતરાયના સર્વન્ટ્સ ઑફ ઇન્ડિયા સોસાયટી(ભારત સેવક સંઘ)માં હું જોડાયો હતો. એનો નિયમ એવો કે વીસ વર્ષ સુધી રાતદિવસ સોસાયટીએ સોંપેલું દેશસેવાનું કામ કરવાનું. દસ વર્ષ સુધી ધારાસભામાં જઈ શકાય નહીં. આજીવિકા માટે પહેલાં ખર્ચ જોગા સાઠ રૂપિયા અને પછી એકસો રૂપિયા મળે. અમારા નેતા લાલા લજપતરાય અમને આ અંગે એક ઉદાહરણ આપતા હતા.'

'કયું ઉદાહરણ ?'

'એમણે કહ્યું કે લાલબહાદુર ! તાજમહાલ બાંધવામાં બે પ્રકારના પથ્થરો વપરાયા છે. એક અત્યંત કીમતી આરસપહાણના પથ્થરો, જેના ઘુમ્મટ અને મિનારા આપણે જોઈ શકીએ છીએ. દુનિયાભરના પ્રવાસીઓ એની સુંદરતા જોઈને એની પ્રશંસા કરે છે. બીજા પ્રકારના પથ્થરો એ સામાન્ય પથ્થરો છે, જે તાજમહાલની વિશાળ ઈમારતના પાયામાં પુરાયેલા હોય છે. ભવ્ય ઈમારતનો ભાર આ પાયામાં પડેલા પથ્થરો પર છે. જેને કોઈ જોઈ શકતું નથી, ત્યાં એની પ્રશંસા કરવાની તો વાત જ શી ?'

લાલબહાદુરે વધુમાં કહ્યું, 'અમને લાલાજી હંમેશાં કહેતા કે ખરો કાર્યકર્તા બીજા પ્રકારના પથ્થર જેવો હોવો જોઈએ, જેને માન, પ્રશંસા કે પ્રસિદ્ધિની પરવા ન હોય. લાલાજીના આ શબ્દો મારા હૃદયમાં અંકિત થઈ ગયા. આથી મને પાયાના પથ્થર થવું વધુ ગમે છે.'

# ૧૯. સત્તા અને સિક્કાની લાલચ ધરાવતો સૌથી મોટો દરિદ્ર !

શાસ્ત્રચર્ચામાં મગ્ન ગુરુ અને શિષ્યેએ પાસેથી પસાર થતા બેહાલ ભિખારીને જોયો. આવા વૈભવશાળી નગરમાં આવો દરિદ્ર ભિખારી ક્યાંથી? શિષ્યે આ વિશે ગુરુ સમક્ષ શંકા પ્રગટ કરી અને પૂછ્યું, 'આ નગરની વૈભવલક્ષ્મી અદ્વિતીય છે. ધનાઢ્યોનું આ નગર છે. ત્યાં આવો ચીંથરેહાલ ભિખારી ક્યાંથી? નક્કી, કાં તો એ અન્ય રાજ્યમાંથી ભીખ માગવા આવ્યો હશે કે પછી આ નગરનો સૌથી દરિદ્ર માનવી હશે.'

શિષ્યની વાત સાંભળીને ગુરુ હસી પડ્યા અને બોલ્યા, 'અરે, આ નગરમાં તો આનાથીય ચડિયાતો એક અત્યંત દરિદ્ર માનવી વસે છે. એના જેવો ગરીબ કે ભિખારી બીજો કોઈ નથી.'

શિષ્યને સમજાયું નહીં કે આનાથી પણ કોણ વધુ દરિદ્ર હોઈ શકે ? આથી એણે આશ્ચર્યથી ગુરુને પૂછ્યું, 'મને આવો માનવી બતાવશો ખરા ?'

ગુરુએ કહ્યું, 'સમય આવ્યે જરૂર બતાવીશ.'

એક વાર ગુરુ-શિષ્ય ગામમાં ભ્રમણ કરતા હતા, ત્યારે એમને ખબર મળી કે નગરનો રાજવી વિશાળ સૈન્ય સાથે પરાયી ધરતી પર યુદ્ધ ખેલવા નીકળ્યો છે. યુદ્ધમાં વિજય હાંસલ કરવા એણે પોતાની વિશાળ સેનામાં ઘણા નવા સૈનિકોની ભરતી કરી છે અને જાતજાતનાં શસ્ત્રો સજ્યાં છે. કોઈ પણ ભોગે યુદ્ધવિજય, એ જ એનો અંતિમ આદર્શ છે.

ગુરુએ શિષ્યને કહ્યું, 'વત્સ, હવે હું મારા પુરાણા વચનનું પાલન કરીશ. તને સૌથી વધુ દરિદ્ર માનવી દેખાડીશ.'

સામેથી રાજાની સવારી આવતી હતી અને મંત્રીએ રાજાને કહ્યું કે 'સામેથી આવતા ગુરુશિષ્ય એ મહાજ્ઞાની અને શાસ્ત્રપારંગત છે.' આથી રાજા હાથી પરથી નીચે ઊતરીને ગુરુને પ્રણામ કર્યા અને કહ્યું, 'આપ મને વિજયના આશીર્વાદ આપો.'

ગુરુએ આશીર્વાદ આપવાને બદલે ખિસ્સામાંથી એક સિક્કો કાઢ્યો અને રાજાની હથેળીમાં રાખતાં કહ્યું, 'હે રાજન્ ! તમારું રાજ્ય ધન-ધાન્યથી સંપન્ન છે. પ્રજા સુખી છે, પરંતુ તમે બેચેન છો. તમારી લાલસાનો કોઈ અંત નથી અને તેથી આટલી મોટી સેના સાથે યુદ્ધ માટે જાઓ છો.'

શિષ્યે કહ્યું, 'સાચી વાત, જેની પાસે આટલું વિશાળ સામ્રાજ્ય હોય, અને વધુ મેળવવા યુદ્ધ કરવા નીકળે, માનવસંહાર કરે, સત્તા અને સંપત્તિની લૂંટ ચલાવે. તેના જેવો દરિદ્ર માનવી બીજો કોણ હોય ? ખરું ને ગુરુજી?'

'હા, આ રાજા સૌથી દરિદ્ર હોવાથી તો મેં એને દાન રૂપે એક સિક્કો આપ્યો. એનો અર્થ જ એ કે આટલો અપાર ધનવૈભવ હોવા છતાં તારામાં તૃપ્તિનો અંશ નથી. સિક્કાની અને સત્તાની લાલચ રોકી શકતો નથી. તારા જેવો દરિદ્ર બીજો કોણ હશે ?'

રાજાને ગુરુની વાત સમજાઈ અને શિષ્ય બોલી ઊઠ્યો, 'ગુરુદેવ, આજે મને સમજાયું કે કોણ સંપન્ન છે અને કોણ દરિદ્ર છે.'

## ૨૦. સ્વાર્થ અને શત્રુતા ભુલાવે, તે ઉપકાર !

સત્તા હોય ત્યારે એને જાળવી રાખવાની સદાય ફિકર રહે! અને એ પછી સત્તાનાં સૂત્રો કોને સોંપવાં, એની ચિંતા અહર્નિશ સતાવે !

સમ્રાટને એ ભારે ચિંતા હતી કે ત્રણ રાજકુમારોમાંથી સત્તા કોને સોંપવી ? એમની યોગ્યતાની કઈ રીતે કસોટી કરવી ? સાચો ગુણવાન ઉત્તરાધિકારી કઈ રીતે પારખવો ?

અંતે એમણે ત્રણે રાજકુમારોને બોલાવીને કહ્યું, 'મારે તમારા જીવન વિશે જાણવું છે. તમારા જીવનનો કોઈ એવો પ્રસંગ કહો કે જેમાં તમે કોઈના પર ઉપકાર કર્યો હોય.'

પહેલા રાજકુમારે કહ્યું, 'પડોશી દેશના રાજા વૃદ્ધ થતાં તીર્થયાત્રાએ જઈ રહ્યા હતા, એમણે મને રાજવૈભવની સંભાળ લેવાનું સોંપ્યું. એમની પાસે અઢળક ઝવેરાત, સોનું, રૂપું અને સંપત્તિ હતાં. એ વૃદ્ધ રાજા તીર્થયાત્રાએથી પાછા આવ્યા, ત્યારે મેં એમને એમનો સંપૂર્ણ ધન-વૈભવ સાચવીને પાછો આપ્યો.'

આ સાંભળીને સમ્રાટે કહ્યું, 'આમાં તો તારી પ્રામાણિકતા પ્રગટ થઈ. જો તેં વૃદ્ધ રાજાના વિશ્વાસનો ભંગ કરીને થોડાં હીરા-મોતી તારી પાસે રાખી લીધાં હોત, તો તારું મન સદા ડંખતું રહેત અને તું અપરાધભાવથી અકળાયેલો ને ક્ષુબ્ધ રહેત, તેં ઈમાનદારી દાખવી, પણ ઉપકાર શું કર્યો ?'

બીજા રાજકુમારે કહ્યું કે એક વાર હું નદીના કિનારે લટાર મારતો હતો. સાંજનો સમય હતો. આસપાસ કોઈ નહોતું, ત્યારે મેં નદીની વચ્ચે એક માણસને નૌકામાંથી બહાર ફેંકાઈ જતો જોયો. એ ડૂબતો હતો. હું છલાંગ મારીને નદીમાં પડ્યો અને એને બચાવીને કિનારે લઈ આવ્યો.

આ સાંભળીને સમ્રાટે કહ્યું કે 'તેં ચોક્કસ સારું કાર્ય કર્યું છે. જો તેં એની ઉપેક્ષા કરી હોત, તો તારા મનમાં સતત એની વેદના

રહેત. એનું મૃત્યુ હંમેશાં તારો પીછો કરત. તેં ઉમદા કાર્ય કર્યું, પણ કોઈ ઉપકારનું કાર્ય કર્યું નહીં.'

ત્રીજા રાજકુમારે પોતાની કેફિયત આપતાં કહ્યું કે, 'હું એક વાર જંગલમાં ભ્રમણ કરતો હતો અને મેં જોયું કે એક પહાડની ધાર પર એક વ્યક્તિ સૂતી હતી. જો એ પડખું ફરે, તો નીચે ઊંડી ખીણમાં પડી જાય તેમ હતી. એનાં સોએ વર્ષ પૂરાં થઈ જાય, તેવું હતું ! હું એને બચાવવા દોડતો-દોડતો એની પાસે ધસી ગયો, પરંતુ સાવ નજીક ગયો ત્યારે ખ્યાલ આવ્યો કે આ તો મારો શત્રુ છે, પણ એ શત્રુતા ભૂલીને મેં એને સાવધાનીથી ઉઠાડ્યો અને એનો પ્રાણ બચાવ્યો.'

આ સાંભળી સમ્રાટે કહ્યું, 'હા, તારો આ ઉપકાર અસાધારણ છે. શત્રુને જીવનદાન આપવું એ કેવો મોટો ઉપકાર ગણાય ! તેથી હું તને મારા રાજ્યનો ઉત્તરાધિકારી ઘોષિત કરુંછું.

# ૨૧. શિષ્યને ગુરુવચનમાં ભારે શંકા જાગી !

પોતાના ગુરુના ઉપદેશનું યથાર્થ પાલન કરતા શિષ્યને ગુરુની એક વાત લાખ પ્રયત્ને પણ સમજાતી નહોતી. ગુરુ વારંવાર કહેતા કે, 'માનવી ગમે તેટલો કુટિલ કે દુષ્ટ હોય, પણ એની અંદર કોમળ, ભાવનાશીલ હૃદય વસે છે. કટુમાં કટુ વચનો બોલનારની ભીતરમાં મૃદુતા રહેલી હોય છે. માત્ર એને પ્રગટ કરવાનો આપણે પુરુષાર્થ કરવો જોઈએ.'

વારંવાર ગુરુનો આ ઉપદેશ સાંભળતો શિષ્ય એક વાર અકળાઈને બોલી ઊઠ્યો. 'ગુરુદેવ! તમારી સઘળી વાત મને સમજાય છે, પરંતુ તમારો આ એક ઉપદેશ હું સહેજે સ્વીકારી શકતો નથી. એમાં મને લેશમાત્ર શ્રદ્ધા બેસતી નથી.'

ગુરુએ કહ્યું કે, 'આનો ઉત્તર સમજાવવા માટે થોડો સમય જોઈશે. આવતી કાલે સભામાં પુનઃ આવજે, ત્યારે તને ઉત્તર આપીશ.'

બીજે દિવસે શિષ્ય ગુરુના પ્રવચનમાં ગયો અને પ્રવચનને અંતે ગુરુએ શિષ્યને કહ્યું, 'વત્સ ! આ નારિયેળ તોડીને આમાંથી ટોપરું બહાર કાઢ અને એની શેષ સૌને પ્રસાદ રૂપે વહેંચી દે.'

શિષ્યએ નારિયેળ હાથમાં લીધું. ઘણી કોશિશ કરી, પણ તૂટે નહીં. એક-બે વાર પછાડ્યું, પણ કશું વળ્યું નહીં. છેવટે શિષ્યે કહ્યું, 'ગુરુદેવ ! આ નારિયેળ છોલવું પડશે. એનું કાચલું તોડવું પડશે. એ માટે કોઈ સાધન આપો.'

સંતે આગ્રહ રાખ્યો અને કહ્યું કે, 'સાધનની શી જરૂર છે, જરા પ્રયત્ન કરો.' શિષ્યે પુનઃ પ્રયત્ન કર્યો, પણ સફળ ન ગયો. આખરે એને સાધન આપ્યું, એની ઉપરની છાલ છોલીને અને કાચલી તોડીને ટોપરું બહાર કાઢ્યું અને પછી એ ભક્તોમાં શેષ રૂપે વહેંચી દીધું.

થોડી વારે ગુરુ આશ્રમમાં પાછા જવા માટે ઊભા થયા, ત્યારે શિષ્યે વિચાર્યું કે ગુરુદેવે પોતાના પ્રશ્નનો તો કોઈ ઉત્તર આપ્યો નહીં અને વધારામાં નારિયેળ છોલવાની અને પ્રસાદ વહેંચવાની મહેનત કરાવી?

એણે ગુરુને થોભાવીને પૂછ્યું, 'તમે મારા પ્રશ્નનો ઉત્તર આપવાના હતા, તેનું શું થયું?'

ગુરુએ કહ્યું, 'ઉત્તર તો મેં આપી દીધો ! જેમ આ કઠણ નારિયેળના કોચલામાં નરમ અને મીઠું કોપરું હોય છે, તેમ કઠોરમાં કઠોર વ્યક્તિમાં કોમળતાથી ભરેલું સંવેદનશીલ હૃદય હોય છે. માત્ર એટલું જ એને વિશેષ સાધનથી બહાર કાઢવું પડે છે અને આ સાધન છે પ્રેમભર્યો વ્યવહાર. જો કોઈનાં કઠોર આચરણ કે વચનનો સ્નેહથી ઉત્તર આપવામાં આવે, તો એના ભીતરમાં રહેલી કોમળતા બહાર આવશે અને એ સ્વયં મૃદુ વ્યવહાર કરવા લાગશે.'

એ દિવસે શિષ્યને ગુરુના એ વચન પર શ્રદ્ધા થઈ.

# ૨૨. સફળતાનો મુખ્ય મંત્ર શોધી આપો.

ગુલામીની બેડીઓમાં જકડાયેલા દેશને જગાડનારા રાષ્ટ્રપ્રેમી નેતા અને પ્રાચ્ય વિદ્યાના વિદ્વાન બાળ ગંગાધર ટિળકના ઓજસ્વી વક્તૃત્વના પ્રભાવ હેઠળ આખી સભા મંત્રમુગ્ધ બની ગઈ. જ્યારે એમનું ભાષણ પૂરું થયું, ત્યારે થોડી ક્ષણો સભામાં મૌન સેવાઈ ગયું અને પછી તત્કાળ તાળીઓના ગડગડાટથી આખો હૉલ ઊભરાઈ ગયો.

કેટલાક શ્રોતાજનો લોકમાન્ય ટિળકને ઘેરી વળ્યા. એક શ્રોતાએ પ્રશ્ન કર્યો, ''આપ અત્યંત ઓજસ્વી વક્તા છો, પ્રકાંડ વિદ્વાન છો, 'કેસરી' અને 'મરાઠા' અખબારના લેખક અને  સંપાદક છો. એક બાજુ દાખલા-દલીલ સાથે અંગ્રેજ સરકારના કાયદાઓનો વિરોધ કરો છો, તો બીજી બાજુ દુષ્કાળ રાહતનું કાર્ય કરો છો. કેટલાય લેખો લખો છો અને જાહેર ભાષણો આપો છો. વૈદિક સંશોધનોમાં ઊંડો રસ લો છો, તો ગીતા વિશે 'ગીતારહસ્ય' ગ્રંથનું લેખન કરો છો. મને સવાલ એ થાય છે કે તમે આટલાં બધાં કાર્યો એકસાથે કઈ રીતે કરી શકો છો?

લોકમાન્ય ટિળકે ઉત્તર આપતાં કહ્યું, 'યોગ્ય રીતે સમયપત્રક બનાવીને વ્યક્તિ અનેક કામો કરી શકે છે. હું ગ્રંથોનો અભ્યાસ કરું છું. રાજકીય પરિવર્તનો પર નજર રાખું છું, સંશોધન અને પ્રવચનો કરતો રહું છું. હું સમયાનુસાર કાર્ય કરું છું. માત્ર એટલું જ કે મારા જીવનમાં હું કોઈ કામ દ્વેષભાવથી કરતો નથી.'

આ સાંભળી અન્ય શ્રોતાએ વળતો સવાલ કર્યો, 'આમ સમયપત્રક બનાવવાથી વધુ કાર્ય થાય, એવું ક્યાં સંભવિત છે ? ઘણી વાર આપણી ચિંતા અને અધૈર્ય આપણને સમયપત્રક પ્રમાણે કામ કરવા દેતા નથી. આ સમયપત્રક ખોરવાઈ જાય એટલે વળી કામ ઉપરાંત એ ખોરવાયાની ચિંતા રહે છે, એનું શું ?

બાળ ગંગાધર ટિળકે હસીને કહ્યું, 'ભાઈ, મારી સફળતાનું

રહસ્ય એટલું જ છે કે હું દરેક કામ તનાવમુક્ત થઈને મારી શક્તિ અને ક્ષમતા અનુસાર કરું છું. એ સમયે એવી બાબત પર ધ્યાન આપતો નથી કે લોકો મારે વિશે શું કહેશે. સહુની પાસે સમય તો સરખો જ હોય છે, પરંતુ ઘણી વ્યક્તિઓ પોતાનો મોટા ભાગનો સમય પોતાના વિશે બીજાઓ શું કહે છે એ જાણવામાં ગાળે છે. પોતાની નિંદા એ સહન કરી શકતા નથી, તેથી બીજી વ્યક્તિ પ્રત્યે દ્વેષભાવ ધરાવીને એની પાછળ પોતાનો વખત બગાડે છે. સફળતાનો મંત્ર જ એ છે કે કોઈ પણ પ્રકારના દબાણ, દ્વેષ કે ટેન્શન વિના તથા અન્ય કોઈ બાબતને મનમાં રાખ્યા સિવાય લક્ષ્ય પર ધ્યાન આપવું.'

હકીકતમાં આ કારણે જ લોકમાન્ય ટિળકનું જીવન મૂર્તિમંત કર્મયોગનું દૃષ્ટાંત બની રહ્યું.

# ૨૩. સ્વાદિષ્ટ હોય, તે અલ્પ માત્રામાં લેવાય

ગંગાકિનારે આવેલા આશ્રમના તપસ્વી ઋષિ પાસે શિક્ષા પ્રાપ્ત કરીને વિદાય લેતી વખતે શિષ્યએ એમની સમક્ષ સ્વાદિષ્ટ કેરીનો કરંડિયો ધર્યો. એણે કહ્યું, 'ગુરુજી, આ મજાનો કેરીગાળો છે, અત્યંત રસમધુર એવી કેરી આપને માટે લાવ્યો છું. મારું નમ્ર નિવેદન છે કે આપ એને સ્વીકારો.' ગુરુએ પ્રસન્નતાથી કેરીના કંરડિયા પર દૃષ્ટિપાત કર્યો અને એમાંથી એક કેરી કાઢીને એની એક-બે ચીરી ખાધી અને એની રસમધુરતાની પ્રશંસા કરી.

શિષ્ય તો રાહ જોઈને બેઠો હતો કે એ કેરીની એક-બે ચીર ખાધા પછી ગુરુ કેરીની સઘળી ચીરી ખાઈ જશે, પણ એને બદલે તો એમણે એ કેરી કાપીને બાકીની સઘળી ચીરી આસપાસ બેઠેલા શિષ્યોને વહેંચી દીધી. આથી પેલા શિષ્યએ પ્રશ્ન કર્યો, 'ગુરુદેવ, આપનું સ્વાસ્થ્ય તો બરાબર છે ને ! આટલી બધી કેરી હોવા છતાં આપે એની એક-બે ચીરી જ આરોગી. હું તો કેરીનો આખોય કરંડિયો આપને માટે લાવ્યો છું.'

ગુરુએ કહ્યું, 'ભાઈ, કેરી અત્યંત સ્વાદિષ્ટ છે અને એથી જ હું એ અધિક લેતો નથી. આ બાકીનો કેરીનો કરંડિયો પણ મારા શિષ્યોને આપીશ.'

પેલો શિષ્ય ગુરુની આ વાત સમજી શક્યો નહીં, એટલે એણે પૂછ્યું, 'ગુરુજી, સ્વાદિષ્ટ છે તો શા માટે અધિક લેતા નથી?'

ત્યારે ગુરુએ એમના બાળપણની એક વાત કરી. એમણે કહ્યું, 'મારી પડોશમાં એક સ્ત્રી રહેતી હતી. એ અત્યંત સુખી અને સંપન્ન હતી. એ સમયે એને ઘેર રોજ પકવાન થતાં અને ચાર-પાંચ શાક બનતાં. વળી સાથે ફરસાણ પણ ખરું, પણ સંજોગો બદલાતાં એની સઘળી સંપત્તિ ચાલી ગઈ અને એ પછી એ એકલી પડતી, ત્યારે વિચારતી, 'મારી જીભને સ્વાદના ભારે ચટાકા છે. હું એને વારંવાર સમજાવું છું કે પકવાન, ફરસાણ અને ચાર-પાંચ શાક ખાવાના એ દિવસો વીતી ગયા છે, તેમ છતાં એ માનતી નથી. મીઠાઈ હવે દુર્લભ બની ગઈ છે, છતાં મારી જીભ સમજતી નથી. સ્વાદના ચટાકા મનને ભારે પીડે છે. જ્યારે મારાં છોકરાંઓને ભૂખી-સૂકી રોટલી ખાવામાં પણ આનંદ આવે છે.'

ગુરુએ કહ્યું, 'એ સ્ત્રીની ભાવસ્થિતિ જોઈને મેં નિયમ કર્યો કે જીભને જે વાનગી બહુ સ્વાદિષ્ટ લાગે, એને અલ્પ માત્રામાં જ ખાવી, કારણ કે આવશ્યકતાઓ ઓછી રાખીએ તો સુખના દિવસો આનંદથી પસાર થાય છે અને દુઃખના દિવસોમાં કોઈ માનસિક કષ્ટ ઊપજે નહીં.'

# ૨૪. દરેકની જિંદગીનું એક મૂલ્ય હોય છે !

છોડ પર ઊગેલા રંગબેરંગી પુષ્પને પોતાની નજાકતનું ભારે અભિમાન જાગ્યું. એના મનમાં એવો અહંકાર જાગ્યો કે પોતે કેવું સુંદર, કોમળ અને સુવાસિત છે ! પ્રકૃતિનાં આટલાં બધાં રૂપો છે ! ફળ, વૃક્ષ, પર્વત અને ખડક, પરંતુ ક્યાંય મારામાં છે તેવી કોમળતા, સુંદરતા અને સુવાસનો ત્રિવેણીસંગમ જોવા મળે છે ખરો ?

પુષ્પે જરા ગર્વથી આંખ ઊંચી કરી, તો એની નજર બાજુમાં રહેલા ખડક પર પડી અને એને જોઈને રમણીય પુષ્પે અટ્ટહાસ્ય કરતાં કહ્યું,

‘અલ્યા ખડક, તારા દુર્ભાગ્યનો તો કોઈ પાર નથી. જગતમાં તારા જેવો બીજો કોઈ કદરૂપો શોધ્યો નહીં જડે. વળી કદરૂપતાની સાથે તું કેવો કઠોર છે. જરા નજર કર મારી કોમળતા અને સુંદરતા તરફ અને મન ભરીને માણ મારી સુવાસને. તો તારી આ દુઃખમય અને દુર્દશાયુક્ત સ્થિતિમાં તને થોડી શાંતિ મળશે.’

ખડકે કહ્યું, ‘હે પુષ્પ, આજે ભલે તું અભિમાન કરે, પરંતુ આ જગતમાં મારું પણ મૂલ્ય છે, પણ એ વાત તને વખત આવ્યે સમજાશે.’

બન્યું એવું કે ખડકના એ પથ્થરને કેટલાક લોકો મશહૂર શિલ્પીને ત્યાં મૂકી આવ્યા અને એમાંથી શિલ્પીએ સુંદર દેવપ્રતિમાનું સર્જન કર્યું.

એક વાર આ ખડકમાંથી બનેલી દેવપ્રતિમા પર પુષ્પ ચડવવામાં આવ્યું, ત્યારે ખડકને આ પુષ્પ પરિચિત લાગ્યું. એને થયું કે આને ક્યાંક દીઠું છે ખરું !

બરાબર નજર માંડીને જોયું તો ખ્યાલ આવ્યો કે આ એ જ પુષ્પ છે, જેણે અહંકારથી એનો તિરસ્કાર કર્યો હતો.

ખડકે કહ્યું, ‘મિત્ર, મારી ઓળખાણ પડે છે ને તને ? હવે સમજાય છે ને કે દરેકની જિંદગીનું મૂલ્ય હોય છે. જેની તું હાંસી કરતો હતો અને જેને તું કદરૂપું અને અતિ કઠોર કહેતો હતો, તેના મસ્તકે લોકો તને ડાળી પરથી ચૂંટીને ભાવપૂર્વક ચડાવે છે અને વંદન કરે છે.’

પુષ્પને પોતાના અહંકાર માટે પસ્તાવો થવા લાગ્યો.

## ૨૫. પેટને તૃપ્ત કરનારી આગ ઘરને ભસ્મ કરી શકે છે !

વિશાળ સામ્રાજ્ય ધરાવતા રાજા પાસે અપાર ઐશ્વર્ય હોવા છતાં અંતરમાં ભારે અકળામણ હતી. એમને સતત એવો ભય લાગતો કે કોઈ એમનો સાથી દગો કરીને એમનું રાજ્ય તો છીનવી નહીં લે ને ! આખી રાત ભયમાં વિતાવી હતી. પદે પદે કાવતરાની ગંધ આવતી હતી. એમ પણ થતું કે કોઈ પ્રજાનો માનવી આવીને એમની હત્યા તો નહીં કરી નાખે ને !

આવા ભયને કારણે બેચેન રાજવીએ જનસંપર્કથી દૂર રહેવાનું પસંદ કર્યું. નજીકના સાથીઓ અને સ્વજનો પર સતત શંકાનો પહેરો રાખતો હતો. મનમાં સતત એમ થતું હતું કે કોઈ રાજ્ય છીનવી લેશે, તો પોતાના કેવા હાલહવાલ થશે !

એવામાં રાજાને ખબર પડી કે નગરમાં સહુને જીવનનો સાચો રાહ બતાવતો ફકીર આવ્યો છે. રાજા એને મળવા માટે દોડી ગયો અને પોતાની બેચેન જિંદગીની આંસુભરી આંખે વાત કરી. ત્યારે ફકીરે કહ્યું, ‘ચાલો, મારી કુટિયામાં.’

કુટિયા પાસે લઈ જઈને ફકીરે આસપાસથી લાકડાં એકઠાં કર્યાં અને ભોજન બનાવીને રાજાને ખવડાવ્યું. રાજાએ ફરી પોતાની ચિંતા વ્યક્ત કરી, તો ફકીરે રાજાને કહ્યું, ‘ચૂલામાંથી એક સળગતું લાકડું લઈને મારી ઘાસની કુટિયા પર ફેંક’.

ફકીરની કુટિયા પળવારમાં ભસ્મીભૂત થઈ ગઈ.

રાજાએ ફકીરને કહ્યું, ‘અરે, આપે મારી વાતનો જવાબ આપવાને બદલે તમારી કુટિયા કેમ બાળી નાખી ?’

મસ્ત ફકીરે હસતાં હસતાં કહ્યું, ‘રાજા, વિચાર કર કે જે આગથી સ્વાદિષ્ટ ભોજન બનાવીને આપણે આપણા પેટની કકડીને લાગેલી ભૂખ શાંત કરી હતી, આ એ જ આગ છે કે જે આપણા ઘરને પળવારમાં ભસ્મીભૂત કરી શકે છે. આમ આગ એ પેટને તૃપ્ત અને ઘરને ભસ્મ કરે છે. સવાલ એ છે કે આપણે એની પાસેથી કઈ રીતે કામ લઈએ છીએ. જો શંકાથી જોઈશ તો બધે જ કાવતરું દેખાશે અને વિશ્વાસથી જોઈશ તો સઘળે પ્રેમ દેખાશે.’

રાજાને ફકીરની વાતનો મર્મ સમજાઈ ગયો.

## સદ્‌વિચાર પરિવાર

### ડૉ. કે. આર. શ્રોફ સેવા સદન

'સદ્‌વિચાર પરિવાર' સંચાલિત ડૉ. કે. આર. શ્રોફ સેવા સદનમાં આરોગ્યની સારસંભાળ માટે નીચે મુજબની સેવાઓનો આપ લાભ લઈ શકશો.

- વરિષ્ઠ નાગરિકો માટે આધુનિક રિહેબિલિટેશન સેન્ટર (૪૦ બેડ્‌સની ક્ષમતા સાથે)
- કૉમ્યુનિટી આંખની હૉસ્પિટલ
- હેલ્થ કેર સહાયક માટે તાલીમ કેન્દ્ર
- વરિષ્ઠ નાગરિકો માટે મલ્ટિસ્પેશિયાલિટી ક્લિનિક
- મહિલાઓ માટે મલ્ટિસ્પેશિયાલિટી ક્લિનિક
- બાળકો માટે ક્લિનિક
- જરૂરિયાતમંદ માટે મફત દવાખાનું
- માનસિક આરોગ્ય ક્લિનિક
- ફિઝિયોથેરાપી અને ઓક્યુપેશનલ થેરાપી સેન્ટર
- ડેન્ટલ ક્લિનિક
- લેબોરેટરી સેવાઓ
- દર્દીની સારસંભાળ માટે ઘરે લઈ જવા માટેનાં મેડિકલ સાધનો
- એમ્બ્યુલન્સ
- હોમ કેર વાન
- કૉન્ફરન્સ હોલ
- વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ કરવા માટે જગ્યા
- તમે અમારો સંપર્ક E-mail: sdparivar.org@gmail.com, svpsevasadan@gmail.com ઉપર તથા આરોગ્યલક્ષી સેવાઓની માહિતી માટે અમારા સેવા સદનના હેલ્પલાઈન નંબર : ૯૮૯૮૩૭૭૭૦૦ ઉપર સંપર્ક કરી શકશો. વધુ માહિતી માટે અમારી વેબસાઈટ : www.sadvicharparivar.org ની મુલાકાત પણ લેતા રહેશો.

---

**સદ્‌વિચાર પરિવાર**

સમર્પણ વિદ્યાપીઠ, રામદેવનગર બસ સ્ટેન્ડ પાસે, ઈસરો રોડ, જોધપુર ટેકરા, અમદાવાદ- ૩૮૦૦૧૫

# સદ્‌વિચાર પરિવાર સંચાલિત
# શ્રીમતી સવિતાબહેન હસમુખલાલ શાહ
# કૌશલ્ય નિર્માણ કેન્દ્ર

ગ્રામ્ય/શહેરી વિસ્તારની બેરોજગાર ૧૮-૩૮ વર્ષની યુવક/યુવતી માટે ઉત્તમ તક
આપ નોકરી કે ધંધા માટેની શોધમાં છો ? શું આપ બેરોજગાર છો ? ઓછું ભણેલાં છો ?
જો ઉપરના પ્રશ્નોના જવાબ 'હા' માં છે તો
કૌશલ્ય નિર્માણના કોર્સ સફળતાપૂર્વક પૂર્ણ કરી સરકાર માન્ય સર્ટિફિકેટ મેળવો અને સ્વરોજગારી દ્વારા આવક ઉભી કરો.
રોજગારલક્ષી કોર્સમાં નજીવી ફી સાથે 'વહેલા તે પહેલા'ના ધોરણે પ્રવેશ મળશે.
સદ્‌વિચાર પરિવાર છેલ્લાં ૬૦ વર્ષથી તાલીમ સહિત સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યું છે.

| ક્રમ. | કોર્સનું નામ | ફી (રૂા.) | સમયગાળો | પાત્રતા |
|---|---|---|---|---|
| ૧. | ઈન્ડ્રસ્ટ્રિયલ સીવણ - ગારમેન્ટ મેકિંગ | ૧,૫૦૦/- | ૩ મહિના | ધો.૭ પાસ |
| ૨. | બ્યૂટીપાર્લર અને બ્રાઈડલ મેકઅપ | ૨,૦૦૦/- | ૩ મહિના | ધો.૮ પાસ |
| ૩. | ઈવેન્ટ કેટરીંગ અને બેકરી | ૨,૦૦૦/- | ૨ મહિના | ધો.૮ પાસ |
| ૪. | કમ્પ્યૂટર બેઝીક કોર્સ (CCC) | ૨,૦૦૦/- | ૪૫ દિવસ | ધો.૮ પાસ |
| | ટેલી પ્રાઈમ | ૨,૦૦૦/- | ૪૫ દિવસ | ધો.૧૦ પાસ |
| ૫. | એરકન્ડિશનર અને રેફ્રિજરેટર રીપેરીંગ | ૨,૦૦૦/- | ૪ મહિના | ધો. ૮ પાસ |
| ૬. | કન્ઝ્યુમર સર્વિસીઝ અને રીટેઈલીંગ | ૧,૫૦૦/- | ૨ મહિના | ધો.૧૨ પાસ |
| ૭. | ઈલેક્ટ્રીક વાયરિંગ | ૨,૫૦૦/- | ૩ મહિના | ધો. ૮ પાસ |

**વિશેષતાઓ :**

- નિયમિતતા, સમયપાલન અને મહેનતનો આગ્રહ રહેશે.
- ૧૮ થી ૩૮ વર્ષના યુવક/યુવતી પ્રવેશ મેળવી શકશે.

**અરજપત્રક સાથે જરૂરી પુરાવા :**

- આધારકાર્ડની ઝેરોક્સ
- માર્કશીટની ઝેરોક્સ
- બે પાસપોર્ટ સાઈઝના ફોટા

**અરજી આપવા માટે અને માહિતી મેળવવા માટે તથા તાલીમનું સ્થળ :**

**સદ્‌વિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર**
અડાલજ ક્રોસ રોડ, મુ.પો. ઉંવારસદ, તા. જિ. ગાંધીનગર-૩૮૨૪૨૪
સંપર્ક : શ્રી જગદીશ સોલંકી Mo. 8154981367 (Director Admin)
Email : spskill.uvarsad@gmail.com

वसुधैव कुटुम्बकम् ।

सद्विचार परिवार



સદ્વિચાર પરિવાર સેવા સદન, રામદેવનગર, સેટેલાઈટ (અમદાવાદ)



સદ્વિચાર પરિવાર વિકલાંગ પુનર્વાસ કેન્દ્ર, ઉવારસદ (ગાંધીનગર)



સદ્વિચાર પરિવાર નરોડા સંકુલ (અમદાવાદ)

www.printvision.in
+91 98250 26302